સ્પેશ્યલ પોકસો કેસ નં. ૦૬ સને ૨૦૨૧ સાથે
સ્પેશ્યલ પોકસો કેસ નં. ૧૧ સને ૨૦૨૧
આંક :–

**–:નમુનો–અ:–**

# જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ચુકાદાની તા.૧૮/૦૪/૨૦૨૬**
**સ્પે. પોકસો કેસ નં. ૦૬/૨૦૨૧ સાથે સ્પે.પોકસો કેસ નં.૧૧/૨૦૨૧**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૬,૮,૧૨ અને ૧૭ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૨૪૨૦૧૮૦૬/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | બી.ડીવી.પોલીસ સ્ટેશન, જુનાગઢ |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર<br>( ફરીયાદી : અરવિંદભાઈ અમરાભાઈ વારસુર ) |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ. પી.પી.શ્રી એમ.પી.વાઘેલા |
| આરોપીપક્ષ | (૧) કેતન નિતીનભાઈ સાગઠીયા,<br>ઉ.વ.૨૬ , ધંધો–ડ્રાઈવીંગ,<br>રહે.મોવડીગામ, જુના વણકરવાસ,<br>શેરી નં.૩, રાજકોટ.<br>(૨) હેમાબેન દિનેશકુમાર અજાભાઈ ચૌહાણ ,<br>ઉ.વ.૨૪, ધંધો–નોકરી,<br>રહે.વૈશાલીનગર, શેરી નં.૪, બેડેશ્વર,<br>જામનગર. |
| આરોપી નં.૧ તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી જે.આર.જોષી |
| આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી વાય.એમ.ઠાકોર |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૦/૦૬/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૩૦/૦૩/૨૦૨૧ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૩/૦૮/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૦૯/૨૦૨૨ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

## -:આરોપીની વિગત:-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કેતન નિતીનભાઈ સાગઠીયા, | ૧૬/૦૨/૨૧ | ૨૨/૦૨/૨૧ | ઈ.પી.કો. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૬,૮,૧૨ અને ૧૭ | | -- | -- |
| ૨ | હેમાબેન દિનેશકુમાર અજાભાઈ ચૌહાણ, | ૨૩/૦૩/૨૧ | ૧૯/૦૩/૨૧ | ઈ.પી.કો. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૬,૮,૧૨ અને ૧૭ | | | |

**–:: ચુકાદો ::–**

(૧) આ કામેનુ રેકોર્ડ ધ્યાને લેતા પોકસો કેસ નં.૦૬/૨૦૨૧ તથા પુરવણી ચાર્જશીટ પોકસો કેસ નં.૧૧/૨૦૨૧ એ બન્ને જુનાગઢ બી ડીવી. પો.સ્ટે. ગુ.ર.ન. ૧૧ ૨૦૩૦૨૪૨૦૧૮૦૬/૨૦૨૦ ના ગુનાના કામેથી ઉદવેલ હોય, ફરીયાદ પક્ષની આંક: ૧૩ ની બન્ને કેસો સયુકત ચલાવવાની અરજી લગત કરેલ હુકમ અન્વયે, સદરહુ બન્ને કેસો સાથે ચલાવવામાં આવેલ છે.

(૧.૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી દલીતવાસ, જુનાગઢમાં રહે છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં એક દિકરો ઉ.વ.૧૯, તેનાથી નાની દીકરી ખુશી ઉ.વ.૧૭ અને તેની જન્મ તા.૦૧/૦૩/૨૦૦૩ છે અને તેઓની પત્નિ છે અને તેઓ બધા સાથે રહે છે. તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ તેઓ મજુરી કામ ગયેલ હતા અને સાંજના છએક વાગ્યે ઘરે આવતા તેઓની પત્ની અને દીકરી તેઓને કયાંય જોવામાં આવેલ નહી અને તેઓના ઘરે તેમનો સામાન પણ દેખાયેલ નહી અને તેઓને પતિ–પત્નીને સામાન્ય બોલાચાલી થયેલ હોય જેથી ફરીયાદીને તેઓની પત્ની તેઓની દીકરીને લઈ અને જતી રહેલ હોવાની શંકા ગયેલ અને બાદમાં બીજા દિવસે સવારે તેઓને તેઓના મોબાઈલ ફોન ઉપર તેમની પત્નીના ફોન પરથી ફોન આવેલ અને કહેલ કે, અમો બંને મા–દિકરી ગોંડલ ખાતે મજુરી કામ અર્થે જતા રહેલ છીએ. તેમ વાત કરેલ અને ત્યારબાદ લોકડાઉન થઈ જતા ફરીયાદી તેઓની પત્ની અને દીકરીને ત્યાં જઈ શકેલ નહી અને તા.૦૯/૦૬/૨૦૨૦ ના રોજ તેઓને તેઓની પત્નીનો ફોન આવેલ અને કહેલ કે, આપણી દીકરી કયાંય જતી રહેલ છે તમે આવો તેમ વાત કરતા ફરીયાદી તાત્કાલીક ગોંડલ જવા નીકળેલ અને સાંજના સાતેક વાગ્યે ગોંડલ પહોંચેલ અને ફરીયાદીને તેની પત્નીએ કહેલ કે, ભોગબનનાર કયાંય જતી રહેલ છે અને તેની પત્ની

આટલું કહીને જતી રહેલ અને તેઓને કોઈ વધુ ચર્ચા થયેલ ન હતી અને બાદમાં ફરીયાદી જુનાગઢ ખાતે પાછા આવેલ અને બાદમાં તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજ ફરીયાદી ઘરે હાજર હતા ત્યારે તેઓને બપોરના દોઢેક વાગ્યે તેઓની પત્નીનો ફોન આવેલ અને કહેલ કે આપણી દીકરી મળી ગયેલ છે અને તમે પ્રહલાદનગર પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે આવી જાવ તેમ વાત કરતા ફરીયાદી જુનાગઢથી નીકળેલ અને સીધા રાજકોટ પ્રહલાદનગર ખાતે સાંજના છએક વાગ્યે પહોંચેલ અને ત્યાં તેઓની પત્ની અને દીકરી બંને હાજર હતા અને તેઓની દીકરીએ ફરીયાદીને કહેલ કે, ''મારે મમ્મી સાથે નથી રહેવું અને હું તેનાથી કંટાળી મારી મેળે જતી રહેલ હતી અને મારે હવે તમારી સાથે આવવું છે '' આમ વાત કરેલ અને ત્યાં હાજર એક પોલીસવાળાએ ફરીયાદીને કહેલ કે દીકરી તમારી સાથે જવા માંગે છે જેથી ફરીયાદી પણ તેની દીકરીને સાથે લઈ આવવા માંગતા હોય જેથી ફરીયાદીએ હા પાડેલ અને ફરીયાદી તેની દીકરીને ત્યાંથી લઈ અને રાતના નવેક વાગ્યે રાજકોટથી નીકળેલ અને જુનાગઢ ખાતે રાતના સાડા અગિયારેક વાગ્યે પહોંચેલ અને આ વખતે ફરીયાદીને બાથરૂમ લાગતા તેની દીકરીને ગાંધીચોક ખાતે ઉભવાનું કહેલ અને ફરીયાદી બાથરૂમ કરી અને પાછા આવતા તેની આ દીકરી જોવામાં ન આવેલ અને આજુબાજુમાં તપાસ કરતા કયાંય મળેલ નહી. જેથી ફરીયાદીએ તેની દીકરીને તેના મોબાઈલ પર ફોન કરતા તેનો ફોન પણ સ્વીચ ઓફ આવેલ અને આ તેઓની દીકરી ફરી વખત કયાંક જતી રહેલ હોવાનું જણાયેલ અને ત્યારબાદ ઘરે જઈ અને બનાવની વાત ફરીયાદીએ તેના દીકરા તથા તેના ભાઈ મનસુખભાઈ વારસુરને પણ બનાવની વાત કરેલ અને ઘરમેળે તેઓની દીકરીની તપાસ કરતા મળી આવેલ નથી. ફરીયાદીની દીકરીનું કોઈ અજાણ્યા માણસએ અપહરણ કરેલ હોવાનો શકવ્હેમ છે જેથી આરોપીઓ સામે ધોરણસર થવા મતલબની ફરીયાદીએ ફરીયાદ આપેલી. જે બી.ડીવી.પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૦૧૮૦૬/૨૦૨૦ થી રજીસ્ટરે કરેલ અને ગુન્હાની તપાસ દરમ્યાન આરોપીઓની અટક કરવામાં આવેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ફરીયાદ અન્વયે સાહેદોના નિવેદનો લીધેલા તથા ભોગબનનારનુ

મેડીકલ કરાવવામાં આવેલુ તથા જરૂરી પંચનામા કરવામાં આવેલા ત્યારબાદ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૬,૮,૧૨ અને ૧૭ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલુ.

(૨) આ કામેના આરોપીઓને સમન્સ કાઢતા તેઓ તેમના વિ. વકીલશ્રી મારફતે હાજર થયેલા છે અને તેઓને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાંા આવેલી. ત્યારબાદ આરોપીઓ સામે આંક–૨૦ થી મારા પુરોગામી ન્યાયાધીશ ધ્વારા તહોમતનામુ ફરમાવવામાં આવેલુ અને તેઓને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલુ અને આરોપીઓની ગુન્હાની કબુલાત અંગેની આંક–૨૧ તથા આંક–૨૨ થી પ્લી નોંધતા તેઓએ ગુન્હો કબુલ ન હોવાનુ જણાવતા તેઓની સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાંા આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**–:નમુનો–ક:–**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| પી.૧ | ૨૪ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| પી.૨ | ૨૭ | ભોગબનનારનો ભાઈ | સાહેદ |
| પી.૩ | ૪૧ | ભોગબનનાર | ભોગબનનાર |
| પી.૪ | ૪૫ | ડો.મધુરીકાબેન અનંતરાય ત્રીવેદી | ડોકટર સાહેદ |
| પી.૫ | ૮૪ | હંસાબેન નાગભાઈ વાળા | પોલીસ સાહેદ |
| પી.૬ | ૯૫ | રમીલાબેન ભલાભાઈ સોલંકી | ત.ક.અ. |

| | | | |
|---|---|---|---|
| પી.૭ | ૧૧૦ | પ્રતાપભાઈ નાથાભાઈ ગામેતી | ત.ક.અ. |
| પી.૮ | ૧૬૧ | ભોગબનનારની માતા | સાહેદ |

## **:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ડી.૧ | ૨૫ | ફરીયાદ |
| ડી.૨ | ૨૬ | ભોગબનનારે લખેલ કાગળ |
| ડી.૩ | ૪૨ | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ ૧૬૪ મુજબનું નિવેદન |
| ડી.૪ | ૪૬ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવાની યાદી |
| ડી.૫ | ૪૭ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૬ | ૪૮ | ચેકલીસ્ટ |
| ડી.૭ | ૪૯ | ભોગબનનારના લીધેલ નમુના મોકલ્યાની યાદી |
| ડી.૮ | ૫૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૯ | ૫૧ | તપાસમાં રહેવા બાબત પી.આઈ. |
| ડી.૧૦ | ૫૨ | આરોપી તથા ભોગબનનારની તપાસમાં રહી મળી આવ્યે જાણ કરવા તમામ થાણા અમલદારને કરેલ ઈ–મેઈલ |
| ડી.૧૧ | ૫૩ | આરોપી તથા ભોગબનનારની તપાસમાં પોલીસ મદદ મળવા બાબત પી.એસ.આઈ.તાલુકા પો.સ્ટે.રાજકોટને કરેલ રીપોર્ટ |
| ડી.૧૨ | ૫૪ | આગળની તપાસ ડેપ્યુટ હ્યુમન ટ્રાફીકીંગને સોંપવા ના.પો.અધિ.જુનાગઢ ને કરેલ ઈ–મેઈલ |
| ડી.૧૩ | ૫૫ | ભોગબનનારનો કબજો સંભાળવા બાબત નારી વિકાસ ગૃહ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૧૪ | ૫૬ | ભોગબનનારનો કબજો સંભાળવા બાબત નારી વિકાસ ગૃહ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૧૫ | ૫૭ | બે સરકારી કર્મચારી પંચમાં ફાળવવા બાબત ડેપો મેનેજર સાહેબ જુનાગઢ ને કરેલ રીપોર્ટ |
| ડી.૧૬ | ૫૮ | ભોગબનનારના મેડીકલ નમુના કબજે કર્યાનું પંચનામું |
| ડી.૧૭ | ૫૯ | બે સરકારી કર્મચારી પંચમાં ફાળવવા બાબત મામલતદાર કચેરી જુનાગઢ ને કરેલ રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ડી.૧૮ | ૬૦ | મામલતદારશ્રી જુનાગઢ ગ્રામ્યને કરેલ હુકમ |
| ડી.૧૯ | ૬૧ | ભોગબનનારની શરીર સ્થિતીનું પંચનામું |
| ડી.૨૦ | ૬૨ | ભોગબનનારનો કબજો મળવા બાબત શીશુમંગલ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૨૧ | ૬૩ | નાયબ કમિશનર મહાનગરપાલીકા જુનાગઢનાએ શ્રી જયેશભાઈ સાવરીયા તથા શ્રી હરેશભાઈ જોધાણીને પંચમાં રહેવા કરેલ યાદી |
| ડી.૨૨ | ૬૪ | મહાનગરપાલીકા જુનાગઢનાએ પી.આઈ.એ.એચ.ટી.યુ.જુનાગઢને કરેલ કુરીયર |
| ડી.૨૩ | ૬૫ | નાયબ કમિશનર મહાનગરપાલીકા જુનાગઢનાએ શ્રી વિવેક જે ઠકરારને સરકારી પંચમાં રહેવા બાબતે કરેલ યાદી |
| ડી.૨૪ | ૬૬ | આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ તે બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૨૫ | ૬૭ | ભોગબનનારનો કબજો સંભાળવા બાબત શીશુમંગલ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૨૬ | ૬૮ | આરોપીની માહીતી આપવા બાબત પી.આઈ.રાજકોટ તાલુકા પો.સ્ટે.ને કરેલ રીપોર્ટ |
| ડી.૨૭ | ૬૯ | આરોપીનું ટ્રાન્સફર વોરંટ મળવા બાબત સ્પે.પોકસો કોર્ટ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૨૮ | ૭૦ | ટ્રાન્સફર વોરંટ |
| ડી.૨૯ | ૭૧ | આરોપીનો કબજો મળવા બાબત નામ.ચીફ જયુડી.મેજી.સાહેબ જુનાગઢ ને કરેલ રીપોર્ટ |
| ડી.૩૦ | ૭૨ | અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય મધ્યસ્થ જેલનાઓએ આરોપીને પોલીસ કસ્ડટીમાં સોંપવા બાબત સ્પે.પોકસો કોર્ટ જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૩૧ | ૭૩ | નાયબ કમિશનર મહાનગરપાલીકા જુનાગઢનાએ શ્રી વિવેક જે.ઠાકર તથા શ્રી હરેશભાઈ જોધાણીને સરકારી પંચમાં રહેવા બાબતે કરેલ યાદી |
| ડી.૩૨ | ૭૪ | આરોપીનું અટક પંચનામું |
| ડી.૩૩ | ૭૫ | આરોપીને પોલીસ સ્ટેશનમાં રાખવા તથા મેડીકલ કરાવવા તથા ફોટા ફીંગર લેવા બાબતે પી.એસ.ઓ. બી.ડીવી.જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૩૪ | ૭૬ | આરોપીની મેડીકલ તપાસણી કરવા બાબત મેડીકલ ઓફીસર જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૩૫ | ૭૭ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૩૬ | ૭૮ | બે સરકારી કર્મચારી પંચમાં ફાળવવા બાબત નાયબ બાગાયત નિયામક સાહેબ |

| | | |
|---|---|---|
| | | જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૩૭ | ૭૯ | આરોપીના મેડીકલ નમુના કબજે કર્યાનું પંચનામું |
| ડી.૩૮ | ૮૦ | અરજદાર હેમાબેને ૧૮૧ હેલ્પલાઈન પર કરેલ ફોન અનુસંધાને કરેલ કામગીરીના રીપોર્ટની નકલ મળવા બાબત મેનેજરશ્રી ૧૮૧ મેનેજમેન્ટ સેન્ટર અમદાવાદને કરેલ રીપોર્ટ |
| ડી.૩૯ | ૮૫ | ફરીયાદ રજીસ્ટર લેવાની યાદી |
| ડી.૪૦ | ૮૬ | એફ.આઈ.આર.નો ઉતારો |
| ડી.૪૧ | ૮૭ | સ્ટેશન ડાયરીનો ઉતારો |
| ડી.૪૨ | ૮૮ | તપાસ સંભાળી લેવાની યાદી |
| ડી.૪૩ | ૯૬ | જન્મનો દાખલો આપવાની યાદી |
| ડી.૪૪ | ૯૭ | જન્મ નોંધ વેરીફાઈ કરવાની યાદી |
| ડી.૪૫ | ૯૮ | ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર |
| ડી.૪૬ | ૯૯ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર |
| ડી.૪૭ | ૧૦૧ | આરોપી હેમાબેનનું અટક પંચનામું |
| ડી.૪૮ | ૧૦૨ | આરોપી હેમાબેનના ફોન અનુસંધાને કરેલ કામગીરી બાબત મેનેજરશ્રી ૧૮૧ મેનેજમેન્ટ સેન્ટર અમદાવાદને કરેલ રીપોર્ટ |
| ડી.૪૯ | ૧૦૩ | મેનેજરશ્રી ૧૮૧ મેનેજમેન્ટ સેન્ટર અમદાવાદનાઓએ આરોપી હેમાબેનના ફોન અનુસંધાને કરેલ કાર્યવાહી પી.આઈ.એએચટીયુ જુનાગઢને મોકલ્યા અં ગેનો ફો. તથા કરેલ કામગીરી (કુલ પાના–ર) |
| ડી.૫૦ | ૧૧૧ | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ ૧૬૪ મુજબનું નિવેદન |
| ડી.૫૧ | ૧૧૨ | અરજદાર હેમાબેને ૧૦૮ હેલ્પલાઈન પર કરેલ ફોન અનુસંધાને કરેલ કામગીરીના રીપોર્ટની નકલ મળવા બાબત મેનેજરશ્રી ૧૮૧ મેનેજમેન્ટ સેન્ટર અમદાવાદને કરેલ રીપોર્ટ |
| ડી.૫૨ | ૧૧૩ | આરોપી મહીલા હેમાબેનની તપાસમાં રહેવા બાબત પી.આઈ.બી.ડીવી.જામનગરને કરેલ રીપોર્ટ |
| ડી.૫૩ | ૧૧૪ | ઈ.પી.કો.કલમ ૩૬૩, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨,૧૭ નો ઉમેરો કરવા રીપોર્ટ |
| ડી.૫૪ | ૧૧૫ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ડી.૫૫ | ૧૧૬ | એફ.એસ.એલ.ની પહોંચ |

| | | |
|---|---|---|
| ડી.૫૬ | ૧૧૭ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ |
| ડી.૫૭ | ૧૧૮ | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ડી.૫૮ | ૧૧૯ | મુદદામાલ રવાનગી નોંધ |
| ડી.૫૯ | ૧૨૦ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ડી.૬૦ | ૧૨૧ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ |
| ડી.૬૧ | ૧૨૨ | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ડી.૬૨ | ૧૨૩ | રાજકોટ પ્રધ્યુમન નગર પો.સ્ટે.ની એફ.આઈ.આર. |
| ડી.૬૩ | ૧૫૩ | રાજકોટ તાલુકા પો.સ્ટે. રાજકોટ સીટી ગુ.ર..નં૧૧૨૦૮૦૫૩૨૪૦૪૪૫/૨૦૨૪ ની એફ.આઈ.આર.ની નકલ |

(૪) ફરીયાદીપક્ષે રજુ રાખેલ આંક–૧૨૪ ની કલોઝીંગ પુરસીસ અન્વયે ફરીયાદપક્ષના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આરોપીઓના ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયેની વિશેષ નિવેદન નોંધતા ફરીયાદપક્ષને પુરાવો તેમની હાજરીમાં લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરેલ છે.જયારે ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કારાત્મક બચાવ લઈ વધુમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ સામે ખોટો કેસ કરી સંડોવી દીધેલ હોવાનુ જણાવેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. પી.પી. શ્રી એમ.પી.વાઘેલાએ રેકર્ડ મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા આરોપી સામેનો આક્ષેપીત ગુનો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર થાય છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે બચાવપક્ષે ભોગબનનારના જન્મ પ્રમાણપત્રને પડકારેલ નથી. આમ, હાલના કામે આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૭) જયારે આરોપી નં.૧ તરફે વિ. વકીલશ્રી જે.આર.જોષીએ રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૨૪ થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે. તા.૨૯/૦૬/૨૦૨૦ ના રોજના બનાવની ફરીયાદ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ છે. ફરીયાદીએ તેમની

આંક–૨૪ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ ઘરે આવેલ ત્યારે તેમની દીકરી ભોગબનનાર તથા તેમની પત્ની કોઈ જગ્યાએ જોવામાં આવેલ નહી. વધુમાં ફરીયાદીની પત્ની તેણીના પતિના ત્રાસથી ભોગબનનાર સાથે જતી રહેલ તે હકીકત ફલીત થાય છે. આ કામના ફરીયાદીને પોતાની દીકરી વિશે કોઈ માહીતી નથી. વધુમાં આ કામના ફરીયાદમાં અજાણ્યા શખ્સોને દર્શાવેલ છે. જેથી હાલના કામના આરોપીઓ સીધી કે આડકતરી રીતે આરોપીની તેવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં આ ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં પોલીસ સમક્ષ તેની દીકરી ગુમ થઈ ગયેલ તેની એન્ટ્રી કરાવવા ગયેલ તે હકીકત જણાવેલ છે. તેમજ તેમની દીકરીને કોઈ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરેલ હોય તેવું લખાવેલ ન હોવાની હકીકત સ્વીકારેલ છે. વધુમાં ભોગબનનારની આંક–૪૧ ની જુબાની ધ્યાને લેતા તેણીએ બચાવપક્ષની ઉલટતપાસમાં તેણી એકલી ઘરમાંથી નીકળી ગયેલ તેવી હકીકત જણાવેલ છે. તેમજ તેણીએ ઉંમર થતા કાયદેસરના લગ્ન આરોપી સાથે કરેલ છે. તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના ભોગબનનાર અને આરોપી સાથે પતિ–પત્ની તરીકે રહેતા હતા અને તે દરમ્યાન લગ્ન જીવનના કંકાસને કારણે આ કામના ભોગબનનારે ઈ.પી.કો.કલમ ૪૯૮(ક) મુજબની ફરીયાદ કરવાના બદલે હાલના કામે પુરાવા નોંધવા અરજી આપવામાં આવેલ છે. અત્રેની કોર્ટ ઘ્વારા પુરાવો નોંધવા પરવાનગી આપવામાં આવેલ છે. જો કે, તે પુરાવાના આધાર ઘ્યાને લેવામાં આવેલા તો પણ હાલના કામના ફરીયાદના ૪ વર્ષ સુધી લગ્ન સંચાર ચાલેલ છે અને પતિ પત્ની તરીકે બંને રહેલ હતા. તે વખતે ઘર કંકાસ થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાનલા કામના ભોગબનનાર ૪ વર્ષ આરોપી સાથે પત્ની તરીકે રહેલ હતા અને પછી પીયરમાં જતા રહેલ. ભોગબનનારની માતાએ તેમની દીકરીને ચડામણી કરી આરોપીને ફંસાવવા માટે ભોગબનનાર ફરીવખત જુબાની આપેલ હતો. જો કે, આ કામે સમગ્ર

પુરાવા ધ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડ મુકવા રજુઆત કરેલ છે.

(૮) જયારે આરોપી નં.ર તરફે વિ. વકીલશ્રી વાય.એમ.ઠાકોરએ રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદીની આંક–ર૪ ની જુબાની નોંધવામાં આવેલ છે. જેમાં તેણીએ બચાવપક્ષની ઉલટતપાસમાં તેમની દીકરીને કોણ ભગાડી ગયેલ તે જાણતી ન હોવાની હકીકત જણાવેલ છે. આ કામે આંક–ર૦ થી ગુનાનું તહોમતનામું ફરમાવેલ છે. વધુમાં ભોગબનનારે આંક–ર૭ થી તપાસેલ સાહેદનાઓએ પણ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની બહેન કોની સાથે ભાગી ગયેલ તેની ખબર નથી. વધુમાં ભોગબનનારને આંક–૪૧ થી તપાસવામાં આવેલ છે. વધુમાં હાલના કામના પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હતું. વધુમાં જણાવેલ છે કે, શરીર સંબંધ બાંધેલ હોય અને ભગાડીને લઈ ગયેલ હોય તેવું બનેલ ન હોવાનું ભોગબનનારે તેમની સરતપાસમાં જણાવેલ છે. વધુમાં તેણીએ સ્વીકારેલ છે કે, ઉંમર પુરી થઈ ગઈ ત્યાં સુધી તેની સાથે શરીર સંબંધ બાંધવામાં ન આવેલ હોવાની હકીકત સ્વીકારેલ છે. તેમજ આરોપી નં.ર નું કોઈ જગ્યાએ નામ કે કોઈ રોલ નથી. આંક–૧૫૩ થી એફ.આઈ.આર.રજુ કરવામાં આવેલ છે જેમાં આરોપી નં.૧ નું નામ છે જયારે આરોપી નં.ર તરીકે પ્રકાશ રહેલ છે. જયારે અન્ય બે વ્યકિતઓના નામ છે. આમ, સદરહુ ફરીયાદમાં હાલના કામના અરજદાર/આરોપીનું કોઈ જગ્યાએ નામ નથી. વધુમાં આંક–૪પ થી ડોકટર મધુરીકાબેનની જુબાની જોવામાં આવે તો, હોસ્પિટલમાં કોઈ વ્યકિતનું નામ જણાવેલ નથી તે હકીકત સ્વીકારેલ છે. વધુમાં આંક–૪૧ થી ભોગબનનારની ફરીવખત જુબાની આપવામાં આવેલ હતી. સદરહુ જુબાનીમાં જણાવેલ છે કે, તેણીએ દબાણમાં જુબાની આપવામાં આવેલ છે. જો કે, સદરહુ સાહેદની જુબાની થયેલી ત્યારે કોર્ટ રૂમમાં વકીલો અને સરકારી વકીલ તથા અન્ય કોઈ હોતું નથી જેથી ભોગબનનારની સદરહુ રજુઆત કે તેઓએ દબાણમાં જુબાની આપેલ છે તે માની શકાય નહી. વધુમાં ભોગબનનારની જુબાની જોતા પણ એક વર્ષ જેટલો સમય આરોપી સાથે રહેવા

ગયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આંક–૧૧૦ થી તપાસ કરનાર અધિકારીને તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, ફરીયાદી અને ભોગબનનાર બનાવ વખતે રાજકોટથી જુનાગઢ આવેલ અને ફરીયાદી મજેવડી ગેટ ઉતરી ગયેલ અને ભોગબનનાર ગાંધીચોક આવેલ જેથી તે સમયે ભોગબનનાર કોઈના વાલીપણામાં ન હતી. તે સંજોગોમાં ભોગબનનારને તેણીના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય તેવું માની શકાય નહી. ફરીયાદપક્ષે આરોપી નં.ર નો રોલ મદદાગારીનો છે. ગાડી આવેલ જેમાં ૪ જણા આવેલ તેમ જણાવેલ છે જેમાં આરોપી નં.ર નું નામ જણાવેલ છે. જો કે, ભોગબનનારના આરોપી સાથે લગ્ન થઈ ગયેલ છે અને એક બાળક છે. વધુમાં બળજબરીથી ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ હોય તેવું બનેલ નથી. હાલના કામે આરોપી નં.ર નાએ ગુનામાં કોઈ મદદગારી કરેલ નથી કે, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપી નં.ર ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૯) ત્યારબાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગબનનાર જાતિય ગુન્હાઓથી બાળકના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૨ (૧) (ડી) મુજબ બાળક છે ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીઓએ તા.૨૯/૦૬/૨૦૨૦ ના કલાક ૨૩/૩૦ ના અરસામાં જુનાગઢ ગાંધીચોક રોડ ઉપરથી આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.૧૭ વર્ષ, ૩ માસવાળીને આરોપી કેતનભાઈ સાગઠીયાએ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ

આપી, બદકામ કરવાના ઈરાદે પોતાની સાથે ભગાડી જઈ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ તે અપહરણ કરવામાં આરોપી હેમાબેન ચૌહાણએ મદદગારી કરી તેમજ આરોપી કેતને ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી વારંવાર સંભોગ કરી અને ભોગબનનારની જાતીય સતામણી કરી ગુનો કરી, એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટ કલમ– ૬,૮,૧૨ અને ૧૭ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ સયુંકત : :–</u>**

(૧૧) કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબીતીનો ભાર ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે સંપુર્ણ અને સજજડ પુરાવો આપવાનો છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઈનો લાભ ફરીયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે અને પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ પ્રક્રીયા જણાવવામાં

આવેલી નથી. તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થામાં પુરાવો છે તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવાલાયક સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજુ કરવાની ફરીયાદપક્ષે કોઈ જરૂર નથી. ન્યાયશાસ્ત્ર નાં સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકા રીહત, સચોટ અને સંપુર્ણ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતો હોય અગર તો એલીબીની તકરાર ઉઠાવતો હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલેક અંશે પુરાવો રજુ કરવો પડે, પરંતુ હાલનાં કેસમાં આરોપીઓએ બચાવનાં કોઈ સાહેદ તપાસેલ નથી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબના પોતાના વિશેષ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેના ઉપર ખોટો કેસ કરેલ છે, તે સંજોગોમાં પ્રોસીકયુશને આરોપીઓ સામેનું આરોપનામુ શંકા રહીત સાબીત કરવું પડે. નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓથી પ્રસ્થાપિત થયા મુજબ જો પ્રોસીકયુશનનાં કેસ માંથી વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ હમેશાં આરોપીને મળવાને પાત્ર થતો હોય છે. જયારે પ્રોસીકયુશનનાં ખુદનાં કેસમાંથી પ્રોસીકયુશને રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય અગર તો ઉદ્દભવતી હોય તો તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે, પરંતુ શકયતાઓ આધારીત કે અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. ન્યાયશાસ્ત્ર નાં સુસ્થાપિત સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી સામેનો કેસ સાબિત થાય નહી ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપીએ 'ગુનો કર્યો છે' અને 'ગુનો કર્યો હશે' તે બંને વચ્ચે ઘણું જ લાંબુ અંતર રહેલું છે અને આવું લાંબુ અંતર પ્રોસીકયુશને જ સચોટ અને શંકા રહીત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો પ્રોસીકયુશન પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. આરોપી વિરૂધ્ધ ગમે

તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે. શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી, ન્યાયાધિશે બે પ્રકારની ભુમિકા અદા કરવાની છે જેમાં એક નિર્દોષને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું હોય છે, તે જ રીતે એક દોષિત કરેલા ગુનામાં થી છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયીધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની–મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરનાં અને મહત્વનાં પુરાવાને હમેશાં નજર મધ્યે રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની–મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતાં હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો પ્રોસીકયુશનનાં કેસને મુળમાંથી અસરકર્તા ન હોય તો તેની અવગણનાં કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણ શકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આવા સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરનાં પુરાવાને ધ્યાને લેવાનો હોય છે. આ તમામ પાયાનાં સિધ્ધાંતોને નજર મધ્યે રાખીને હું હાલનાં કેસનો ન્યાયીક નિકાલ કરી રહયો છું.

(૧૨) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં આંક–૨૪ થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તા.૧૮–૩–૨૦૨૦ના રોજ તેઓ મજુરી કામે ગયેલ હતા અને સાંજના છેઅક વાગ્યે ઘરે આવતા તેઓની પત્ની અને તેઓની ભોગ બનનાર દીકરી ''કે' તેઓને કયાંય જોવામાં આવેલા નહી અને તેઓના ઘરે તેમનો સામાન પણ દેખાયેલ નહીં, અને તેઓને પતી–પત્નીને સામાન્ય બોલાચાલી થયેલ હોય, જેથી તેઓ અને તેઓની પત્ની તેઓની ભોગ બનનાર દીકરીને લઈ અને જતી રહેલ હોવાની શંકા ગયેલ અને બાદમાં તેઓનો દીકરો દિવ્યાંગ ઘરે આવતા તેને પુછતા તેને પણ તેઓની પત્ની અને તેઓની ભોગ બનનાર દીકરી "કૈ" કયાં ગયેલ તેની જાણ ન હતી અને બાદમાં બીજા દીવસે સવારે તેઓને તેઓના મોબાઈલ ફોન ઉપર તેઓની પત્નીના મો. નં. ઉપર થી ફોન આવેલ અને કહેલ કે, અમો બન્ને મા દીકરી ગોંડલ ખાતે

મજુરી કામ અર્થે જતા રહેલ છીએ તેમ વાત કરેલ અને ત્યારબાદ લોકડાઉન થઈ જતા તેઓ તેઓની પત્ની અને ભોગ બનનાર દીકરી "કે'' પાસે ગોંડલ ખાતે જઈ શકેલ ન હતા અને તાઃ ૯–૬–૨૦૨૦ ના રોજ તેઓને તેઓની પત્ની ભારતીનો ફોન આવેલ અને કહેલ કે, આપણી દીકરી "કે" કયાંક જતી રહેલ છે, તમે આવો તેમ વાત કરતા તેઓ તાત્કાલીક ગોંડલ જવા નીકળેલ અને સાંજના સાતેક વાગ્યે ગોંડલ પહોંચેલ અને તેઓની પત્નીએ તેઓને કહેલ કે, "કે" કયાંક જતી રહેલ છે અને તેઓની પત્ની આટલુ કહી જતી રહેલ હતી અને તેઓને વધુ કોઈ ચર્ચા થયેલ ન હતી અને બાદમાં તેઓ પણ જુનાગઢ ખાતે પાછા આવી ગયેલ હતા અને બાદમાં તાઃ ૨૯–૬–૨૦૨૦ ના રોજ તેઓ ઘરે હાજર હતા તે વખતે તેઓને બપોરના દોઢેક વાગ્યે તેઓની પત્ની ભારતીનો ફોન આવેલ અને કહેલ કે, આપણી દીકરી મળી ગયેલ છે અને તમે પ્રહલાદનગર પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે આવી જાવ તેમ વાત કરતા તેઓ જુનાગઢથી નીકળેલ અને સીધો રાજકોટ પ્રહલાદનગર ખાતે સાંજના છએક વાગ્યે પહોંચેલ અને ત્યાં તેઓની પત્ની અને તેઓની ભોગબનનાર દીકરી 'કે' બંને હાજર હતા અને તેઓની દીકરીએ કહેલ કે, "મારે મમ્મી સાથે નથી રહેવું અને તે તેનાથી કંટાળી મારી માને જતી પટેલ કરી અને ભાગે હવે તમારી સાથે આવવું છે. તેમ વાત કરેલ અને ત્યાં હાજર એક પોલીસવાળાએ તેઓને કહેલ કે, દીકરી તમારી સાથે જવા માંગે છે. જેથી તેઓ પણ તેઓની દીકરીને સાથે લઈ આવવા માંગતા હોંઉ જેથી તેઓએ હા પાડેલી અને તેઓની દીકરીને ત્યાંથી લઈ અને રાતના નવેક વાગ્યે રાજકોટથી નીકળેલ અને અહીં જુનાગઢ ખાતે રાતના સાડા અગીયારેક વાગ્યે પહોંચેલ અને આ વખને તેઓને બાથરૂમ લાગતા આ તેઓની ભોગબનનાર દીકરી 'કે" ને ગાંધી ચોક ખાતે ઉભવાનું કહેલ અને તેઓ બાથરૂમ કરી અને પાછો આવતા આ તેઓની દીકરી તેઓને જોવામાં ન આવેલ અને આજુબાજુમાં તપાસ કરતા કયાંય મળેલ નહી. જેથી તેઓએ તેઓની દીકરીને તેના મોબાઈલ નંબર ઉપર ફોન કરતા તેનો ફોન પણ સ્વીચ ઓફ આવેલ અને આ તેઓની ભોગ બનનાર દીકરી "કે" ફરી વખત ક્યાંક જતી રહેલ હોવાનું જણાયેલ અને ત્યારબાદ ઘરે જઈ અને બનાવની વાત

તેઓના દીકરા દિવ્યાંગ તથા તેઓના ભાઈ મનસુખભાઈ વારાસુરને પણ બનાવની વાત કરેલ અને ઘરમેળે તેઓની દીકરીની તપાસ કરતા મળી આવેલ નથી. તો આ તેઓની ભોગબનનાર દીકરી 'કે' કોઈ અજાણ્યા માણસ એ અપહરણ કરેલ હોવાનો તેઓને શક વ્હેમ છે. આ બાબતની તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓના લખાવ્યા મુજબની પોલીસે નોંધી લીધેલી અને નોંધી લીધા બાદ તેઓને વાંચી, સંભળાવેલી અને વાંચી સંભળાવ્યા બાદ તેઓની સહી લેવામાં આવેલી. તેઓએ પોલીસને ફરીયાદ આપ્યા બાદ પોલીસે અલગ અલગ તારીખે તેઓના નિવેદનો લીધેલા. આરોપી આજરોજ નામ. કોર્ટમાં હાજર છે. તેને તેઓ ઓળખે છે.

આ ફરીયાદી બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેઓની દીકરી ગુમ થઈ ગયેલ, તેની એન્ટ્રી પોલીસ સ્ટેશને કરાવવા તેઓ ગયેલા. તે દીવસે તેઓનું નામઠામ, સરનામું પુછેલ અને તેઓની સહી કરાવેલી. તે દીવસે તેઓની કોઈ પુછપરછ કરેલ નહી. તેઓએ તેઓને પોલીસ સાથે તેઓની દીકરીને કોઈ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ગયેલ હોય તેવું લખાવેલ નથી. આજદીન સુધી તેઓને તેઓની દીકરી કોની સાથે ગયેલી તેની કોઈ માહિતી પોલીસે કે અન્ય કોઈ વ્યકિતએ આપેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં ભોગબનનારના ભાઈને આંક–૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તા. ૧૮–૩–૨૦૨૦ના રોજ તેઓ ઘરેથી બહાર આટો મારવા ગયેલ હતો અને તેઓના મમ્મી તથા તેઓની બહેન બન્ને ઘરે હાજર હતા અને તેઓના પપ્પા મજુરી કામથી બહાર ગયેલ હતા અને બાદમાં સાંજેકના ઘરે આવતા તેઓના પપ્પા ઘરે હાજર હતા અને તેઓના મમ્મી અને તેઓની બહેન કયાંય જોવામાં આવેલા નહી અને તેઓના પપ્પાએ પણ તેની મમ્મી અને બહેન વિશે પુછતા તે કયાં ગયેલ હોય તેની તેઓની કાંઈ ખબર ન હોવાની વાત કરેલ અને

તેઓના પપ્પા તથા તેની મમ્મી બને અવાર નવાર નાની–નાની વાતોમાં ઝઘડો કરતા હોય. જેથી તેની મમ્મી ભારતીબેન તેની ભોગ બનનાર બહેન "કે" ને તેની સાથે લઈ અને કયાંય ચાલ્યા ગયેલ હોવાની તેઓને શંકા ગયેલ હતી અને બાદમાં બીજા દીવસે તેઓના પપ્પાએ તેઓને વાત કરેલ કે, તેને તેના મોબાઈલ ફોન પર તેના મમ્મીનો ફોન આવેલ અને તે તેની બહેન સાથે ગોંડલ ખાતે મજુરી કામ અર્થે જતા રહેલ હોવાની વાત કરેલ, અને ત્યારબાદ લોકડાઉન થઈ જતા તેના પપ્પા અને તે અહીં જુનાગઢ ખાતે જ હતા અને ગોંડલ ખાતે જઈ શકેલ ન હતા અને તા.૯–૬–૨૦૨૦ ના રોજ તેઓના મમ્મીનો તેઓના મારા પપ્પા ઉપર ફોન આવેલ અને કહેલ કે, 'કે' કયાંક જતી રહેલ છે, તમો આવો જેથી તેના પપ્પા ગોંડલ ગયેલ હતા અને બાદમાં જુનાગઢ પાછા આવેલ હતા અને ખુશી કયાંય મળેલ ન હોવાની તેઓને વાત કરેલ હતી અને બાદમાં તાઃ ૨૯–૬–૨૦૨૦ ના રોજ તે તથા તેના પપ્પા ઘરે હાજર હતા તે વખતે બપોરના દોઢેક વાગ્યે તેના પપ્પાના ફોન ઉપર તેની મમ્મીનો ફોન આવેલ અને તેના પપ્પાએ તેને વાત કરેલ કે, ભોગ બનનાર "કે" મળી ગયેલ છે અને મને તારી મમ્મીએ પ્રહલાદનગર પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે આવવવાનું કહેલ છે અને હું ત્યાં જાવ છું. તેમ વાત કરેલ અને તેના પપ્પા ઘરેથી રાજકોટ જવા નીકળી ગયેલ હતા અને બાદમાં તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ રાતના તે ઘરે હાજર હતો તે વખતે તેના પપ્પા ઘરે આવેલ અને વાત કરેલ કે '' હું રાજકોટ પ્રહલાદનગર ખાતે ગયેલ હતો અને ત્યાં તારા મમ્મી અને તેની બહેન 'કે' બંને હાજર હતા અને 'કે' એ વાત કરેલ કે, મારે મમ્મી સાથે નથી રહેવું અને તેનાથી કંટાળી મારી મેળે જતી રહેલ હતી અને મારે હવે તમારી સાથે આવવું છે. તેમ વાત કરેલ અને ત્યાં હાજર એક પોલીસવાળાએ પણ કહેલ કે, દીકરી તમારી સાથે જેવા માંગે છે. જેથી હું પણ 'કે' ને સાથે લઈ અને રાતના નવેક વાગ્યે રાજકોટથી નીકળેલ અને અહીં જુનાગઢ ખાતે રાતના સાડા અગીયારેક વાગ્યે પહોંચેલ અને આ વખતે મને બાથરૂમ લાગતા મે 'કે' ને ગાંધીચોક ખાતે ઉભવાનું કહેલ અને બાથરૂમ કરી અને પાછો આવતા આ તેની બહેન તેઓને કયાંય જોવામાં ન આવેલ અને આજુબાજુમાં

તપાસ કરતા કયાંય મળેલ નહી. જેથી મે "કે" ને તેના મો નં. ઉપર ફોન કરતા, તેનો ફોન પણ સ્વીચ ઓફ આવેલ અને આ મારી ભોગ બનનાર દીકરી "કે" કરી વખત કયાંક જતી તેના રહેલ હોવાનું જણાવેલ અને ત્યારબાદ ઘરે જઈ અને બનાવની વાત તેના મોટા બાપા મનસુખભાઈ વારાસુરને પણ બનાવની વાત કરેલ અને ઘરમેળે તેની બહેનની તપાસ કરતા મળી આવેલ નથી. બનાવ બાદ પોલીસે અલગ અલગ તારીખે તેના નિવેદનો લીધેલા. આરોપી આજરોજ નામ. કોર્ટમાં હાજર છે. તેને તેઓ ઓળખે છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેની બહેન ગુમ થઈ ગયેલ, તેની એન્ટ્રી પોલીસ સ્ટેશને કરાવવા તેઓ ગયેલા. તે દિવસે તેના પપ્પાનું નામઠામ, સરનામું પુછેલ અને તેઓની સહી કરાવેલી. તે દીવસે તેઓની કોઈ પુછપરછ કરેલ નહી. તેઓએ તેઓને પોલીસ સાથે તેની બહેનને કોઈ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ગયેલ હોય તેવું લખાવેલ નથી. આજદીન સુધી તેને તેની બહેન કોની સાથે ગયેલી તેની કોઈ માહિતી પોલીસે કે અન્ય કોઈ વ્યકિતએ આપેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં ભોગબનનારને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની જોવામાં આવે તો, બનાવના અરસામાં તેણીં જુનાગઢ ટીંબાવાડી, દલીત વાસમાં અનીલભાઈ ભરવાડના મકાનમાં ટીંબાવાડી વિસ્તારમાં માતા–પિતા સાથે ભાડે રહેતા હતા અને ધોરણ ૧ થી ૭ સુધી ટીંબાવાડી જુનાગઢ ખાતે આવેલ પ્રકાશ પ્રાઈમરી સ્કુલમાં અભ્યાસ કરેલો, ત્યારબાદ ધોરણ ૮ થી ૧૦ કિશોર એકેડેમી સ્કુલમાં અભ્યાસ કરેલો હતો અને છેલ્લે કે.જી. ચૌહાણ સ્કુલ, ટીંબાવાડીમાં ધોરણ–૧૧ સુધીનો અભ્યાસ કરેલો તેની જન્મ તાઃ ૧–૩–૨૦૦૩ છે. તેણીએ આ કામના આરોપી કેતન સાગઠીયા સાથે જુબાનીથી એકાદ વર્ષ પહેલા લગ્ન કરી લીધેલા છે. તેનાથી તેમને સંતાનમાં એક દીકરીનો જન્મ થયેલ છે, જે દીકરીનું નામ બંસી છે. જે બંસીની જન્મ તારીખ ૧૯–૮–૨૦૨૨ છે. જેનો જન્મ રાજકોટ મુકામે સરકારી હોસ્પીટલમાં જન્મ થયેલો અને તેનુ મમતા કાર્ડ પણ કહ આવેલુ અને હાલ તેણી તેના પતિ

સાથે રાજકોટ મુકામે રહે છે. બનાવના નવેક મહીના પહેલા તેણી તેના મમ્મી સાથે રાજકોટ રહેવા ગયેલી અને તેના મમ્મી સાથે રાજકોટ ગયા બાદ ત્રીજા કે ચોથા દીવસે કોરોનાને કારણે લોક ડાઉન થયેલુ, જેથી તેણી તેની માતા સાથે રાજકોટ મવડી વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી હતી અને રાજકોટ મવડી વિસ્તારમાં જે ભાડાના મકાનમાં રહેતા હતા, તેની બાજુમાં રહેતા કેતન નિતીની સાગઠીયા, (આરોપી) તેમના મકાનની બાજુમાંથી અવરજવર કરતા અને નીકળતા અને તેણી પણ ઘણી વખત કામ સબબ તેના મકાનની બહાર નીકળતી અને તે તેની સામે જોતા અને તેણી પણ તેની સામે જોતી. કેતન તેણીને ગમતા હોય, જેથી તેણીએ કેતનને તેની સાથે ફ્રેન્ડશીપ બાંધવાનું કહેતા અને કેતને હા પાડતા, તેણીએ કેતન પાસે મોબાઈલ નંબર માંગતા આ કેતને તેમને તેનો મોબાઈલ નંબર ૭૯૮૪૯ ૩૬૩૪૯ આપેલ, જેથી તેણી તેના મોબાઈલમાંથી કેતન સાથે અવારનવાર વાતચીત કરતી. જેથી આરોપી નં. ૧ તથા ભોગબનનાર વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલો, જેથી તેણી કેતન સાથે અવારનવાર વાતચીત કરતી હતી, જેથી કેતને તેમને કહેલ કે, મારા લગ્ન થઈ ગયેલ છે, પણ તેમને કેતન ગમતા હોય, જેથી તેણી તેની સાથે ફોન પર અવારનવાર વાતો કરતી. તેણી ફોન ઉપર કોઈ સાથે વાતચીત કરની તેની જાણ તેની માતા ભારતીબહેનને થઈ જતા તેઓએ તેમને પુછેલ કે, ''તું કોની સાથે ફોનમાં અવારનવાર વાતો કરે છે" જેથી તેણીએ જણાવેલ કે. "મારે કેતન સાથે પ્રેમ સંબંધ છે અને મારે તેની સાથે લગ્ન કરવા છે". તેવી વાત કરેલ, જેથી તેના મમ્મીએ તેમને ઠપકો આપેલ અને તેમને કેતન સાથે સબંધ નહી રાખવા જણાવેલ, તેમને કેતન સાથે પ્રેમ સબંધ હોવાની જાણ તેના મમ્મીને થઈ જતા તેના મમ્મીએ તેઓ જે મકાનમાં રહેતા હતા, તે મકાન ખાલી કરીને રાજકોટ, રેલનગર પાણીના ટાંકા સામે, અનીલ ભરવાડના મકાનમાં ભાડે રહેવા જતા રહેલા અને અહી પણ તેણી અને કેતન ફોન પર વાતોચીતો કરતા હતા. તેના મમ્મી મજુરીકામ કરવા બહાર જતા, ત્યારે તેણી ઘરે એકલી હોય, ત્યારે અવારનવાર કેતન તેમને મળવા આવતા અને એક દીવસ કેતન મોટરસાઈકલ લઈને આવેલ અને તેણી તેની પાછળ બેસી ગયેલ. કેતન તેના ઘરે લઈ ગયેલ અને તેણી કેતન સાથે રહેવા લાગેલ. ત્યારે કેતને તેની સાથે કોઈ શરીર સંબંધ બાંધેલો નહી. તેણી કેતનના ઘરે વીસેક દીવસ રોકાયેલી અને તેણી તેના ઘરેથી જતી રહેલી તે અંગેની ફરીયાદ તેના મમ્મીએ રાજકોટ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે તેણીને કેતનના ઘરેથી પોલીસ સ્ટેશને લઈ ગયેલી, ત્યાં તેનુ નિવેદન નોંધેલુ અને ત્યાં તેણી એ એવુ લખાવેલ કે,

"મારે મારી મમ્મી સાથે રહેવું નથી, હું મારી ફ્રેન્ડ સોનલના ઘરે જતી રહેલ હતી, હવે મારે મારા પિતાના ઘરે જવુ છે" તેવુ તેણીએ તેનુ નિવેદન લખાવતા, તેના પપ્પાના ઘરે તેમને મોકલી આપેલ, ત્યારે તેણી બાથરૂમ કરવાનું કહી, બહાર ગયેલી અને તમો કેતનને મળેલી અને જણાવેલ કે, હું મારા પપ્પા સાથે જુનાગઢ જાવ છું, તુ મને લેવા જુનાગઢ આવજે. તેવી વાતચીત તેણીએ કેતનને કહેલી. તાઃ ૨૯–૬–૨૦૨૦ના રોજ તેણી તેના પપ્પા રાતના આઠેક વાગ્યે રાજકોટ થી જુનાગઢ આવવા માટે નીકળેલ ત્યારે કેતન મોટરસાઈકલ લઈને ત્યાં હાજર હતા, જેથી તેણી તથા તેના પપ્પા રાજકોટથી એક ટ્રાવેલ્સની બસમાં બેસીને જુનાગઢ આવતા હતા ત્યારે કેતન તેનુ સફેદ કલરની ફોર વ્હીલ લઈને તેમની પાછળ–પાછળ જુનાગઢ આવતો હતો અને બસમાંથી તેમણે તેના મોબાઈલમાંથી તેના ભાઈ દીવ્યાંગને ફોન કરેલ, હું રાજકોટથી જૂનાગઢ આવુ છુ, તુ મને ગાંધી ચોકથી અગીયાર વાગ્યે તેડી લેજે", તેવી વાત કરેલ અને અગીયાર વાગ્યે જુનાગઢ પહોંચતા તેના બાપુજી મજેવડી ગેઈટે બસમાંથી ઉતરી ગયેલ અને તેણીં ગાંધી ચોકમાં ઉતરેલ ત્યારે કેતન ફોરવ્હીલ લઈને આવેલ અને તેની સાથે તેની પત્ની હેમા પણ હતી અને તેમને કેતને ફોર વ્હીલમાં બેસી જવાનું કહેતા તેણી તેની મરજીથી કેતનના ફોર વ્હીલમાં બેસી ગયેલ અને આ ફોર વ્હીલના નંબર તેમને યાદ નથી અને તેણીએ તેનો મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધેલ. જેથી કેતન તેમને જુનાગઢ ગાંધી ચોકથી રાજકોટ મવડી તેના ઘરે લઈ ગયેલ, ત્યાં તેણી તથા કેતન તથા તેની પત્ની એમ ત્રણેય સાથે રહેવા લાગેલા અને હેમા ઘરેથી નોકરી પર જાય ત્યારે તેણીં અને કેતન અવાર નવાર શરીર સંબંધ બાંધતા અને તેનુ કોઈ અપહરણ કરેલ ન હતુ છતાં તેના પિતા અરવીંદભાઈએ જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.માં ફરીયાદ કરેલી હતી. તેણી કેતનના ઘરે રહેતી હતી, તેની પોલીસને જાણ થતા બી ડીવીઝન પોલીસ સ્ટેશન કેતનના ઘરે બે વખત તપાસમાં આવેલી, ત્યારે તેઓ બંને ઘરની બહાર જતા રહેલા અને ઘરે હાજર હેમા બહેન કેતન, તેણી અહીંયા રહેતી નથી, તેવુ જણાવતા, જેથી પોલીસ તપાસ કરી જતી રહેલી. તેણી તેની મરજીથી કેતન સાથે રહેતી હતી, ત્યારે અવાર નવાર બન્ને એકબીજા સાથે શરીર સંબંધ બાંધતા. આની જાણ કેતનની પત્ની હેમાને પણ હતી અને તેમના સંબંધથી હેમા પણ ખુશ હતી. ત્યારબાદ તાઃ ૨૩–૧–૨૦૨૧ ના બપોરના બે વાગ્યે તેણી, કેતન, કેતનની પત્ની હેમા એમ ઘરે હાજર હતા, તે દરમ્યાન કેતન તથા તેની પત્ની હેમાને ઝઘડો

થતા, કેતને તેમને તથા હેમાને માર મારેલ અને ગાળો આપેલ અને પછી હેમાએ ૧૮૧ માં ફોન કરી, ૧૮૧ ગાડી આવી જતા ઘરેથી ૧૮૧ ગાડીમાં મહીલા પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે ગયેલા અને ત્યાં તેમણે પોલીસને તેના બાપુજીએ જુનાગઢ ફરીયાદ કરેલ છે, તેવી વાત કરતા તેઓએ તેના મમ્મીને ફોન કરીને મહિલા પોલીસ સ્ટેશને બોલાવેલા અને તેમને જુનાગઢ પોલીસ સ્ટેશનમાં લઈ જવાનું કહેતા તેમને તેના મમ્મી જુનાગઢ પોલીસ સ્ટેશને લાવેલા, ત્યાં તેની પોલીસે પુછપરછ કરીને નિવેદન લીધેલુ. નિવેદન નોંધ્યા બાદ એ પોલીસ સ્ટેશનમાં પોલીસે તેની સહી લીધેલી. પોલીસ તેને મેડીકલ ચેક–અપ કરાવવા માટે હોસ્પીટલે પણ લઈ ગયેલી. ડોક્ટર સાહેબે તેની પુછપરછ કરેલી, ત્યાં ડોક્ટર સાહેબે તેમની સહી પણ લીધેલી. તેણીએ પહેરેલા કપડા પોલીસે તેની પાસે માંગતા તે કપડા પોલીસને આપેલા હતા. તેણીને કોર્ટ રેકર્ડમાંથી તેમનુ સી.આર.પી.સી. ૧૬૪ મુજબનું નિવેદન જે સીલબંધ કવરમાંથી ખોલીને બતાવતા, તે નિવેદનમાં તેમની સહી છે, જે નિવેદન તેણીએ કોટ રૂબરૂ જજ સાહેબને લખાવેલુ, તે તે જ હોવાનું જણાવી આંક–૪૨ થી રજુ કરેલ છે. તેણીંને મુદ્દામાલ આર્ટીકલ "એ થી સી" જે સીલ બંધ હોય, તે કોર્ટની પરવાનગીથી ખોલી બતાવતા જણાવે છે કે, તેણીએ પોલીસને આપેલા આ તેના જ કપડા છે અને આરોપી કેતન નીતીન કોર્ટમાં હાજર હોય તેણીના પતિ થતા હોય ઓળખી બતાવેલ છે.

આ ભોગબનનાર બચાવપક્ષ આરોપી નં.૧ તરફેની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેણી તેની રીતે ઘરમાંથી એકલી નીકળી ગયેલી. તેણીને આજદીન સુધી લલચાવી, ફોસલાવી, કોઈ બદકામ કરવાના ઈરાદે આરોપી ભગાડી ગયેલ હોય, તેવો કોઈ બનાવ બનેલ નથી. તેણીની ઉંમર પુરી થઈ ત્યાં સુધી તેઓની સાથે કોઈપણ જાતની ગેરવ્યાજબી માંગણી કરેલ હોય તેવો કોઈ બનાવ બનેલ નથી. તેણીની ઉંમર પુરી થતા તેઓએ કાયદેસરના લગ્ન કરી ત્યારબાદ લગ્ન સંચાર ચાલુ કરેલો. તેણીને પોલીસે તેનું માત્ર નામઠામ, સરનામું પુછેલું તેમજ દવાખાને પણ ડોકટરે તેણીનું નામઠામ, સરનામું પુછેલું તે સિવાય તેણીને કંઈ મુછેલ નથી કે તેણીને કંઈ લખાવેલ નથી. તેણીને કોઈએ કંઈ પુછેલ નથી કે તેણીએ કોઈની પાસે કંઈ લખાવેલ નથી.

આ ભોગબનનાર બચાવપક્ષ આરોપી નં.૨ તરફેની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેણીએ હેમાબહેને ફોન નંબર આપેલા તેવી હકીકત તેણીએ પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ નથી. કેતને તેણીને કહેલ નહી કે તેના હેમાબહેન સાથે છુટાછેડા થઈ ગયેલા છે. આંક-૪૨ વાળા સી.આર.પી.સી.કલમ ૧૬૪ ના નિવેદનમાં તેણીએ જજશ્રીને એવું જણાવેલ કે, કેતનને છેલ્લા છ માસથી ઓળખું છું અને કેતને તેની પત્નીને છુટાછેડા આપી દીધેલ હતા. આંક-૪૨ માં તેણીએ એવું લખાવેલ છે કે કેતન અને તેના બે મિત્રો ફોર વ્હીલ લઈને આવેલા અને જેથી તેણી તેઓ સાથે જતી રહેલ. તેણીના લગ્ન થઈ ગયેલા તે પહેલા આરોપી કેતન તથા હેમા બહેનના છુટાછેડા થઈ ગયેલાનો દસ્તાવેજ તેઓએ જોયેલો છે. તેણી જુનાગઢથી રાજકોટ મુકામે ગયેલી તેમાં તેની મરજી હતી. તેની સાથે કોઈ જબરદસ્તી થયેલી નથી. આજેપણ તે કેતન સાથે રહે છે અને હેમા બહેનના આરોપી સાથે છુટાછેડા થઈ ગયેલા છે.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં આંક-૪૫ થી સાહેદ ડોકટર મધુરીકાબેન અનંતરાય ત્રિવેદીને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તેઓ તા.૨૫-૧-૨૦૨૧ ના રોજ જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી ત્યારે જુનાગઢ એન્ટી હ્યુમન પોલીસ તરફથી જુનાગઢ બી ડીવી.પો.સ્ટે, ગુ.ર. નં. ૦૧૮૦૬ ના કામે ભોગ બનનારના મેડીકલ પરીક્ષણ કરવા માટે તેઓની પાસે લાવવામાં આવેલ. તેઓની પાસે ભોગ બનનારને એ.એસ.આઈ. દક્ષાબેન જાદવ, બ.નં. ૩૭૯ વાળા લાવેલા. તેઓએ ભોગ બનનારને તેના મેડીકલ પરીક્ષણ માટે સમજ આપેલી અને તેઓએ તેના મેડીકલ સર્ટીફીકેટમાં તેની સંમતી બાબતે તેના અંગુઠાનું નિશાન લીધેલું. તેણીના ડાબા બાવળા ઉપર તણ સ્ટારનું ટેટ માર્ક હતુ, તેમજ તેના જમણા હાથમાં હાથ ઉપર અંગ્રેજીમાં "કે"નુ ટેમાકે હતુ. તેને તેના માસીક સ્ત્રાવ બાબતે પૂછતા તેણે તે ૧૪ વર્ષની હતી, ત્યારથી તેને માસીક સ્ત્રાવ આવતો હોવાનું જણાવેલ. તેની માસીકની સાઈકલ નીયમીત હતી અને નોર્મલ હતી અને ૧૪ મી

જાન્યુઆરીએ તેને છેલ્લુ માસીક આવેલ હતુ, તેવુ તેઓ રૂબરૂ તેણીએ જણાવેલ. તેઓએ તેણીને બનાવ સંબંધે હીસ્ટી પુછતા, તેણીએ તેઓ રૂબરૂ એવું જણાવેલું કે, " હું તા.૩–૬–૨૦૨૦ ના રોજ મારા ઘરેથી ભાગીને પડોશમાં રહેતા કેતન નીતીન સાગઠીયાને ત્યાં રહેતી હતી. તા.૨૮–૬–૨૦૨૦ના રોજ હું મારા માતાના હાથે પકડાયેલ ગયેલ હતી, ત્યાર પછી હું તાઃ ૨૮–૬–૨૦૨૦ના રોજ જુનાગઢ આવતી હતી, ત્યારે ગાંધીચોક તેના જુનાગઢમાંથી કેતન અને તેની પત્નીએ મારુ અપહરણ કરેલુ હતુ, ત્યારે મારા પિતાએ જૂનાગઢ પોલીસ સ્ટેશન બી ડીવીઝનમાં ફરીયાદ કરી હતી, ત્યાર પછી હું કેતન સાથે રહેતી હતી. ત્યારબાદ કેતનની પત્નીએ ૧૮૧ પોલીસ હેલ્પલાઈનમાં ફરીયાદ કરતા પોલીસે મને કબજે કહી હતી અને મારા માતાને સોંપી હતી. ત્યારપછી મને શીશુમંગલ જુનાગઢમાં રાખેલ છે., હું કેતન સાથે રહેતી હતી ત્યારે મેં મારી મરજીથી કેતન સાથે વારંવાર શરીર સંબંધ રાખેલ છે. કેતન મને કયારેક ઘણી વખત મારતો પણ હતો, સાવરણીથી મારતો હતો.'' તેવી બાબતની હિસ્ટ્રી તેણીએ તેઓને આપેલી, જેની નોંધ તેઓએ તેઓના મેડીકલ સર્ટીફીકેટમાં કરેલી અને તે હિસ્ટ્રીમાં નીચે તેણીની સહી પણ તેઓએ કરાવેલી અને તેઓએ નિયત નમુના મુજબ તેનું મેડીકલ પરીક્ષણ કરેલું. તેણીના શરીર ઉપરથી તેઓએ આ મુજબના નમુનાઓ કલેકટ કરેલા.(૧) આંગળીઓ વચ્ચેનુ ડેબ્રીસ, (૨) બન્ને હાથના નખ, (૩) માથાના વાળ, (૪) ગુપ્તભાગના વાળ ઓળીને કબજે લીધેલ દાંતીયો, (૫) ગુપ્તભાગના વાળ, (૬) ગભાશયના મુખ પરથી લીધેલ નમુનો (સ્વોબ –૨ અને સ્લાઈડ–૨), (૭) યોનીમાંથી મેળવેલુ મટીરીયલ (વજાઈનલ સ્વોબર અને સ્લાઈડ –૨), (૮) પેશાબ કરવાની જગ્યાએથી લીધેલ મટીરીયલ(સ્વોબ – ૨ અને સ્લાઈડ–૨), (૯) ગુદા ભાગમાંથી લીધેલા નમુના (અંદર), (૧૦) મોઢામાંથી લીધેલ લાળનો નમુનો (સ્વોબ – ૨ અને સ્લાઈડ–૨), (૧૧) દાંત ઉપરથી મેળવેલ નમુનો (ડેન્ટલ ફ્લોસ), (૧૨) લોહીનો નમુનો (ગ્રુપીંગ માટે), (૧૩) બ્રેસ્ટ સ્વોબ, (૧૪) ગુદા ભાગમાંથી લીધેલા નમુના (બહાર). તેઓએ આ બાબતે મેડીકલ સર્ટીફીકેટ તૈયાર કરેલું, તે મેડીકલ સર્ટીફીકેટમાં પેઈજ નં. ૧૭ પર તેઓની સહી તથા સીકકો છે. તેઓએ આ અંગે ચેક લીસ્ટ પણ તૈયાર કરેલ અને તેઓએ ભોગ બનનારના

શરીર પરથી કબજે લીધેલા ૧૪ નમુનાઓ વાળી યાદીથી પોલીસને સોંપી આપેલા જે યાદી તેઓના સ્વહસ્તાક્ષરમાં છે. તેમાં તેઓની સહી તથા હોદાનો સીકકો છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, ભોગ બનનારને તપાસતા આંતરીક કે બાહ્ય ઈજાનો કોઈ નિશાન જોવામાં આવેલ નહી. ભોગબનનારની હિસ્ટ્રી જોતા તેને આરોપી સાથે પ્રેમ સંબંધ હતો. ભોગબનનારની હિસ્ટ્રી જોતા તેણીની સાથે આરોપીએ કે કોઈપણ વ્યકિતએ બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હોય કે કોઈ જાતીય સતામણી કરેલ હોય, તેવું બનેલ નથી. ભોગબનનારે તેઓની રૂબરૂની આપેલ હિસ્ટ્રીમાં હેમાબેન દિનેશભાઈ ચૌહાણનું નામ આપેલું નથી. ભોગબનનારે તેઓની રૂબરૂની આપેલ હિસ્ટ્રીમાં હેમાબેન નામ આપેલું નથી. ભોગબનનારે તેઓની રૂબરૂની આપેલ હિસ્ટ્રીમાં હેમાબેન દિનેશભાઈ ચૌહાણે કોઈ માર મારેલ હોય કે બળજબરીથી કરેલ હોય તેવું જણાયેલ નહી.

(૧૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં આંક–૮૪ થી હંસાબેન નાગભાઈ વાળાને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તેઓ હાલ જુનાગઢ તાલુકા પો.સ્ટે.માં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવે છે અને ૨૦૨૦ ના અરસામાં તેઓ જુનાગઢ બી ડીવી.પો.સ્ટે.માં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતી હતી ત્યારે આંક–૨૫ વાળી ફરીયાદ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ પી.આઈ. આર.બી.સોલંકીનાઓએ પોતાના રૂબરૂ લીધેલી. ત્યારબાદ તેઓએ આ ગુન્હો જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.ગુના રજી.નં.૨૦૧૮૬, તા.૩૦/૦૬/૨૦૨૦, ઈ.પી.કો.કલમ ૩૬૩ મુજબનો રજીસ્ટર્ડ કરેલો. આ અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલી. ગુન્હો રજીસ્ટર્ડ કર્યા આગળની તપાસ તેઓએ યાદીથી પી.આઈ. આર.બી.સોલંકીનાઓને સોંપી આપેલી.

આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેઓએ ફરીયાદ રજીસ્ટરે લીધા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલી નથી.

(૧૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં આંક–૯૫ થી પોલીસ સાહેદ રમાબેન ભલાભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તેઓ તા.૩૦–૬–૨૦૨૦ના રોજ જુનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ પર હતી ત્યારે આંક–૨૫ વાળી ફરીયાદ ફરીયાદી અરવીંદ ઉમરાભાઈ વાજસુર જાતે અનુ.જાતિ, ઉ.વ.આ. ૫૫, ધંધોઃ મંજુરી, રહેઃ ટીબાવાડી વિસ્તાર, જૂના રામદેવપીર મંદીરની સામે, દલીતવાસ, જુનાગઢવાળા આવી પોતાની આંક–૨૫ વાળી ફરીયાદ હકીકત તેઓને જણાવતા હોય, તેઓએ ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબની નોંધી લીધેલી, નોંધી લીધા બાદ ફરીયાદીને વાંચી સંભળાવેલી, વાંચી સંભળાવ્યા બાદ ફરીયાદીની સહી લેવામાં આવેલી અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. ત્યારબાદ આંક–૨૫ વાળી ફરીયાદ આંક– ૮૫ વાળી યાદીથી પી.એસ.ઓ. બી. ડીવીઝન પોલીસ સ્ટેશનને રજીસ્ટર્ડ લેવા માટે મોકલેલી. ત્યારબાદ પી.એસ.ઓ. એ સદરહુ ફરીયાદ બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૦૧૮૦૬/૨૦૨૦ ના રોજ રજીસ્ટરે લઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરી મને આગળની તપાસે આંક ૮૮ વાળી યાદીથી સોંપતા આગળની તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ તેઓએ તા.૫–૭–૨૦૨૦ના રોજ રજીસ્ટ્રારશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢ ને જન્મતારીખનો દાખલો મેળવવા માટે યાદી કરેલી. તેઓએ તેઓની તપાસ દરમ્યાન મહાનગરપાલીકા જુનાગઢનો ફોરવર્ડીંગ લેટરઘ ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર તથા ભોગબનનારનું શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર મેળવી કામમાં સામેલ રાખેલ. તેઓએ તેઓની તપાસ દરમ્યાન આંક–૨૬ વાળા ભોગબનનારે તેના પિતાના સરનામા પર કરેલ કુરીયર લેટર મેળવી કામમાં સામેલ રાખેલ, આંક–૫૦ થી બનાવવાળી જગ્યાનું પં ચનામું તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ કલાક ૨૧.૦૦ થી ૨૧.૩૦ સુધી પંચ જાવીદ ઈસમાઈલ તથા બીજા પંચ દાઉદ રફાઈની હાજરીમાં તથા ફરીયાદી અરવિંદભાઈ વાજસુરની હાજરીમાં તૈયાર કરેલું, તૈયાર કર્યા પછી પંચોને વાંચી સંભળાવેલું અને વાંચી સંભળાવ્યા બાદ પંચોની

તેમાં સહી લીધેલી અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી, તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ પી.આઈ. પ્રધ્યમન, પો.સ્ટે. રાજકોટને ચાદી કરેલી, તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ, જુનાગઢને આંક પર થી ઈ–મેઈલ કરેલો, તાઃ ૧૧–૮–૨૦૨૦ ના રોજ રાજકોટ શહેર તાલુકા પો.સ્ટે.ને ચાદી કરેલી, આંક–પ૪ થી આગળની તપાસ એન્ટી વુમન ટ્રાફીક શાખાને સોંપવા માટે પોલીસ અધિક્ષકશ્રીને ચાદી કરેલી, તા.૨૨/૦૮/૨૦૨૦ તથા તા.૦૭/૦૯/૨૦૨૦ ના રોજ આ કામના ફરીયાદી અરવીદ અમરાભાઈનું વિશેષ નિવેદન તેઓના જણાવ્યા મુજબનું નોંધી લીધેલું, નોંધી લીધા બાદ તેઓને વાંચી સંભળાવેલ અને વાંચી સંભળાવ્યા બાદ રૂબરૂ તરીકે તેમાં તેઓએ સહી કરેલી.

આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, આ કામની તપાસ તેઓની પાસે ૩ થી ૪ માસ રહેલી. ભોગ બનનાર રાજકોટ પોલીસ સ્ટેશનથી તેમના પિતાશ્રી સાથે જુનાગઢ આવેલા.

(૧૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં આંક–૧૧૦ થી ત.ક.અ.શ્રી પ્રતાપભાઈ નાથાજી ગામેતીને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તેઓ ૨૦૨૧ ની સાલમાં એન્ટી હયુમન ટ્રાફીકીંગ તથા સી.પી.આઈ. જુનાગઢ તરીકે તેઓની ફરજ પર હતા ત્યારે જુનાગઢ બી ડીવી.પો.સ્ટે.ગુના રજી.નં.૦૧૮૦૬/૨૦૨૦ની આગળની તપાસ પી.આઈ. બી. ડીવીઝનના શ્રી સોલંકીએ કરેલા તમામ કેસ કાગળોનો અભ્યાસ કરેલો અને આંક–પપ અને આંક–પ૬ વાળી ચાદીથી નારી વિકાસ ગુહ જુનાગઢ ને ભોગબનનારનો કબજો મેળવવા માટે તેઓએ ચાદી કરેલી. તેઓએ તેઓની તપાસ દરમ્યાન આંક ૪૬ થી મેડીકલ ઓફીસરશ્રી, સીવીલ હોસ્પિટલ જુનાગઢને ભોગબનનારના મેડીકલ પરીક્ષણ કરવા બાબતે ચાદી કરેલી, આંક– ૪૭ વાળું ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૪૮ વાળું ચેકલીસ્ટ મેળવી કામમાં સામેલ રાખેલ અને આં ક–૪૪ વાળું ભોગબનનારના શરીર પરથી કબજે લીધેલ નમુનાઓ તેઓ તરફ મોકલેલા

તે મેળવી કામમાં સામેલ રાખેલ, તા: ૨૫–૧–૨૦૨૦ના રોજ સી.આર.પી.સી. કલમ– ૧ નિવેદન લેવા માટે નામ. ચીફ જયુડીશ્યલ મેજી. સાહેબશ્રીને યાદી કરેલ. તેઓએ તેઓની તપાસ દરમ્યાન આંક–૫૭ વાળી યાદીથી ડેપો મેનેજર, જુનાગઢને પંચોની ફાળવણી કરવા માટે યાદી કરેલી, આંક–૬૧ વાળું પંચનામું પંચ જીગ્નેશ વેજા તથા બીજા પંચ દીલીપ સવજીની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલું અને તૈયાર કર્યા બાદ તે પંચનામું પંચોને વાંચી સંભળાવેલું અને વાંચી સંભળાવ્યા બાદ તેમાં પંચોની સહી લીધેલી અને ત્યારબાદ રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. તેઓએ તેઓની તપાસ દરમ્યાન આંક–૫૯ થી મામલતદારશ્રી, જુનાગઢને પંચોની ફાળવણી કરવા માટે યાદી કરેલી, આંક ૬૧ વાળુ ભોગ બનનારનું શરીર સ્થિતીનું પંચનામુ પંચઃ રવિ હસમુખ તથા બીજા પંચ રાહુલ રમેશની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલુ અને તૈયાર કયાં બાદ તે પંચનામુ પંચૌને વાંચી સંભળાવેલું અને વાંચી સંભળાવ્યા બાદ તેમાં પંચોની સહી લીધેલી અને ત્યારબાદ રૂબરૂ તરીકે તેઓએ  તેઓની સહી કરેલી. પંચનામાની વિગતે ભોગ બનનારના તથા આરોપીના બનાવ સમયે પહેરેલ કપડાઓ કબજે લીધેલા, આંક–૬૨ થી ભોગ બનનારનો કબજો મેળવવા શીશુમંગલ, જુનાગઢને યાદી કરેલી, આંક–૬૩ વાળો મહાનગરપાલિકા,જુનાગઢએ પંચોની ફાળવણી કરવા માટે કરેલ હુકમ મેળવેલો અને કામમાં સામેલ રાખેલો. આંક–૬૪, આંક–૬૫, મેળવી કામમાં સામેલ રાખેલો, તેઓ આંક–૩૬ વાળું આરોપીએ ભોગબનનાર સાથે જે જગ્યાએ શરીર સંબંધ બાંધેલો તે બનાવવાળી જગ્યાનું પંચનામું પંચ વિવેક જગદીશ તથા બીજા પંચ હરેશ જીવાની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલું અને તૈયાર કર્યા બાદ તે પંચનામું પંચોને વાંચી, સંભળાવેલુ અને વાંચી સં ભળાવ્યા બાદ તેમાં પંચોની સહી લીધેલી અને ત્યારબાદ રૂબરૂ તરીકે તેઓએ તેઓની સહી કરેલી. આંક ૬૭ થી ભાગ બનનારનો કબજો મેળવવા શીશુમંગલ જુનાગઢને યાદી કરેલી જે કામમાં સામેલ રાખેલી, આંક–૬૮ થી રાજકોટ પો.સ્ટે.ને યાદી કરેલી અને કામમાં સામેલ રાખેલી, નામ.પોકસો કોર્ટમાં આંક–૬૯ થી રાજકોટ ટ્રાન્સફર વોરંટ મેળવવા માટે યાદી

કરેલી. આંક–૭૦ થી નામ.પોકસો કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવી કામમાં સામેલ રાખેલ. આંક–૭૧ થી ચીફ.જયુડી.મેજી.ફ.ક.રાજકોટ સાહેબને આરોપીનો કબજો મેળવવા માટે યાદી કરેલી. તેઓએ આંક–૭૨ થી રાજકોટ જેલ પાસેથી આરોપીની કસ્ટડી મેળવેલ તે યાદી મેળવી કામમાં સામેલ રાખેલ. આંક–૭૩ થી મહાનગરપાલિકા જુનાગઢએ પંચોની ફાળવણી કરવા માટે કરેલ હુકમ મેળવેલો અને કામમાં સામેલ રાખેલો. આક –૭૨ થી આરોપીનું અટક પંચનામું પંચઃ હરેશ જીવા તથા વિવેક જગદીશની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલું અને તૈયાર કયાં બાદ તે પંચનામું પંચોને વાંચી સંભળાવેલ અને વાચી સંભળાવ્યા બાદ તેમાં પંચોની સહી લીધેલી અને ત્યારબાદ રૂબરૂ તરીકે તેઓએ તેઓની સહી કરેલી. પંચનામાની વિગતે આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા કબજે લીધેલા. આંક–૭૫ થી બી ડીવીઝન પો.સ્ટે. જુનાગઢ ને આરોપીની કસ્ટડી રાખવા માટે યાદી કરેલી, આંક–૭૬ થી આરોપીનું મેડીકલ તપાસણી કરવા માટે મેડીકલ હોસ્પીટલ, જુનાગઢને યાદી કરેલી. આંક–૭૭ થી આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ, આંક–૭૮ થી બાગાયત નિયામકશ્રી, જુનાગઢને પંચોની ફાળવણી કરવા માટે યાદી કરેલી, આંક–૭૯ થી આરોપીના મેડીકલ નમુનાઓ કબજે કર્યા અંગેનું પંચનામું પંચ કમલ ઠાકોર તથા બીજા પંચ ગુંજન માંગરોળીયાની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલું અને તૈયાર કર્યા બાદ તે પંચનામું પંચોને વાંચી સંભળાવેલું અને વાંચી સંભળાવ્યા બાદ તેમાં પંચોની સહી લીધેલી અને ત્યારબાદ રૂબરૂ તરીકે તેઓએ તેઓની સહી કરેલી. આંક–૮૦ થી ૧૮૧ મેનેજમેન્ટ, નરોડા, અમદાવાદને યાદી કરેલી, ૧૮૧ હેલ્પલાઈન પર ફોન અનુસંધાને કરેલી કામગીરીની માહીતી મેળવવા માટે યાદી કરેલી, બી.ડીવી.પો.સ્ટે.જામનગરને યાદી કરેલી, પોકસો એકટ કલમનો ઉમેરો કરવા માટે યાદીથી નામ.ચીફ જયુડી.મેજી.ને યાદી કરેલી, રવાનગી નોંધ, એફ.એસ.એલ.મુદદામાલ મળ્યા અંગેની પહોંચ, એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર તથા એફ.એસ.એલ.નો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ રીપોર્ટ તથા એફ.એસ.એલ.ને મુદદામાલ મોકલ્યા અંગેની રવાનગી નોંધ, એફ.એસ.એલ.ને મુદદામાલ

મળ્યા અંગેની પહોંચ, એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર તથા એફ.એસ.એલ.નો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ રીપોર્ટ કામમાં સામેલ રાખેલ. રાજકોટ પ્રધ્યુમન નગર પો.સ્ટે.માં આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ એફ.આઈ.આર. મેળવી કામમાં સામેલ રાખેલ. એફ.આઈ.આર. તથા સ્ટેશન ડાયરી તપાસ દરમ્યાન મેળવી કામમાં સામેલ રાખેલ. આરોપી હેમાબેનનું અટક પંચનામું પંચ જયેશ નરસી તથા ઐયુબ ઈશાની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલું અને તૈયાર કર્યા બાદ તે પંચનામું પંચોને વાંચી સંભળાવેલું અને વાંચી સંભળાવ્યા બાદ તેમાં પંચોની સહી લીધેલી અને ત્યારબાદ રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. ૧૮૧ નો ફોરવર્ડીંગ લેટર તથા ૧૮૧ એ મોકલેલ માહીતી કામમાં મેળવી સામેલ રાખેલ. તેઓએ તેઓની તપાસ દરમ્યાન તા.૨૪/૦૧/૨૦૨૧ ના રોજ સાહેદ અરવીંદ અમરાભાઈ વાઘસુર, ભારતીબેન અરવિંદભાઈ, દિવ્યાંગ તથા આ કામના ભોગબનનાર 'કે' ના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ નોંધી લીધેલા. નોંધી લીધા બાદ તેઓની વાંચી સંભળાવેલા અને વાંચી સંભળાવ્યા બાદ તેઓની રૂબરૂ તરીકે સહીઓ કરેલી. તા.૪-૨-૨૦૨૧ ના રોજ સાહેદ દક્ષાબેન જીગ્નેશ, રમેશ રાજા; પ્રવિણ રાજાના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ નોંધી લીધેલા, નોંધી લીધા બાદ તેઓને વાંચી સંભળાવેલા અને વાંચી સંભળાવ્યા બાદ તેઓની રૂબરૂ તરીકે સહીઓ લીધેલી. આ કામે આરોપીઓ વિરૂધ્ધ નામ. પોકસો કોર્ટમાં કરવા લાયક ચાર્જશીટ જેટલો પુરાવો રેકર્ડ પર આવતા નામ.કોર્ટમાં આઈ.પી.સી. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ -૧૮, ૧૨, ૧૭ મુજબ ચાર્જશીટ કરેલ.

આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેઓએ ફરીયાદીને તપાસ મળ્યા બાદ કોઈ વખત મળવાનું થયેલ નથી. ગુન્હો દાખલ થયા બાદ છએક માસ બાદ તેઓને તપાસ મળેલી. તેઓને તપાસ મળેલ તે તપાસના કાગળોમાં ફરીયાદમાં આરોપીનું નામ સરનામું ન હતું. તેઓને મળેલ તપાસ દરમ્યાન તા.૩૦/૦૬/૨૦૨૦ થી તા.૨૪/૦૧/૨૦૨૧ સુધીના તપાસના કાગળોમાં આરોપીઓના નામ ખુલવા પામેલ ન હતા. તેઓની તપાસ દરમ્યાન ફરીયાદી તથા ભોગબનનાર

એસ.ટી.બસમાં જુનાગઢ મુકામે આવેલા જેમાં ફરીયાદી મજેવડી ગેઈટ ઉતરી ગયેલ અને ભોગબનનાર ગાંધીચોકથી એકલા પહોંચેલ. ભોગબનનાર બનાવ સમયે કોની સાથે ગયેલા, કેવી રીતે ગયેલા તેવું ફરીયાદીએ તેની ફરીયાદમાં કે વિશેષ નિવેદનમાં જણાવેલ નથી. ભોગબનનારે પોતાના નિવેદનમાં પોતાનું અપહરણ થયું છે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. ભોગબનનારે પોતાના નિવેદનમાં પોતાનું અપહરણ થયું છે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. ભોગબનનારનું નિવેદન લેતી વખતે કોઈ સ્ત્રી કે કોઈ સંસ્થાન કર્મચારીને હાજર રાખવા જરૂરી છે. આ કામના ભોગબનનાર સાત માસ જેટલા તેના વાલીથી અલગ રહેલ, તેમાં હાલના આરોપી નં.૨ સાથે ભોગબનનાર રહેતા ન હતા, તેવું તેઓની તપાસ દરમ્યાન ખુલવા પામેલ. આરોપી નં.૨ એ કોઈ ફોન ભોગબનનારને કરેલ હોય તેવી કોઈ કોલ ડીટેઈલ તેઓએ આ કામે મેળવેલ નથી કે રજુ રાખેલ નથી. આ કામના ભોગબનનારે પોતાના હસ્તાક્ષરમાં એક ચીઠ્ઠી લખેલ હતી, તે તેઓએ આ કામે તેઓએ તેઓની તપાસ દરમ્યાન કબજે કરેલ નથી. તેઓની તપાસ દરમ્યાન તેઓએ ભોગબનનારનું નિવેદન લીધેલું, તેમાં જોઈને જણાવે છે કે, આ કામના આરોપી નં.૧ ધ્વારા આરોપી નં.૨ ને માર મારવા અંગેની હકીકત ભોગબનનાર ધ્વારા જણાવવામાં આવેલ નથી. તેઓને પુછતા જણાવે છે કે, આરોપી નં.૧ ધ્વારા આરોપી નં.૨ ને માર મારવાની હકીકત નિવેદન અન્વયે તે સંબંધેની તેઓએ તપાસ કરેલી. તેઓને પુછતા જણાવે છે કે, આરોપી નં.૧ ધ્વારા આરોપી નં.૨ ને માર મારવા અંગેના નિવેદનમાં જે ફરીયાદ કરવા અંગેનો ઉલ્લેખ થયેલો છે, તે સંદર્ભે રાજકોટ મહીલા પોલીસ સ્ટેશનમાં તપાસ કરેલી છે. પુછતા જણાવે છે કે, આરોપી નં.૨ એ આગોતરા જામીન પર મુકત થવા અંગે તેઓની પાસે આવેલા ત્યારે આરોપી નં.૧ ધ્વારા આરોપી નં.૨ ને માર મારવાના આક્ષેપ સામે આરોપી નં.૧ સામે કાર્યવાહી કરવા અંગેની સમજ કરેલી. આ કામના આરોપી નં.૨ બનાવ સમયે પોતાની ફરજ પર હતા કે કેમ તે અંગેનો તેઓએ આરોપીના નોકરીના

સ્થળે જઈને કોઈ નિવેદનો લીધેલા નથી કે, કોઈ હાજરી અંગેનો પુરાવો લીધેલો હોય તેવું બનેલ નથી.

(૧૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તેના સમર્થનમાં આંક–૧૬૧ થી ભોગબનનારની માતાને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, આ કામના ફરીયાદી અરવિંદભાઈ તેઓના પતિ થાય છે. તેઓને સંતાનમાં એક બાબો તથા એક બેબી છે, તેઓના દિકરાનું ના (ભોગબનનારના ભાઈનું નામ જણાવેલ ) છે અને તેઓની એક દીકરી છે જે આ કામે ભોગબનનાર છે. જેનું નામ 'ખ' છે. જે ભોગબનનાર તેઓની દીકરીની હાલમાં ઉંમર ૨૧ વર્ષ છે. તેઓના પતિ છુટક મજુરી કામ કરી તેઓનું ભરણપોષણ કરે છે. સને–૨૦૨૦ ની સાલમાં તેઓ જુનાગઢ ટીંબાવડી ખાતે રહેતા હતા ત્યારે તેઓને તથા તેઓના પતિ વચ્ચે મજુરી કામ બાબતે તેમજ ઘર ચલાવવા બાબતે ઘણી વખત નાના મોટા ઝઘડાઓ થતા હોય જેથી તેઓ પોતાના બંને સંતાનોને રાજકોટ મુકામે મવડી ગામ મુકામે ભાડાના મકાનમાં રહેતી હતી. ત્યારબાદ દસ પંદર દિવસ પછી તેઓ રાજકોટ મુકામે બી.ટી.સવાણી હોસ્પિટલમાં નોકરી કરતી હતી અને તેઓની નોકરીનો સમય સવારના સાડા સાત વાગ્યાથી લઈને સાંજે સાડા ત્રણ વાગ્યા સુધીનો હતો અને ત્યારબાદ તેઓ ઘરે જ રહેતી હતી. ત્યારબાદ કોરોના વાઈરસને લીધે લોકડાઉન થઈ જતા તેઓ પોતાના પતિ સાથે જુનાગઢ મુકામે રહેવા આવી શકેલ ન હતી. તેઓને પતિ પત્નીને કયારેક કયારેક મોબાઈલ ઉપર વાતચીત થતી હતી. તેઓ બનાવના દિવસે નોકરી ઉપરથી ઘરે આવેલ ત્યારે તેઓની દીકરી 'ખ' ઘરે જોવા મળેલ નહી. જેથી તેઓએ આજુબાજુમાં તેઓએ તપાસ કરેલી અને પુછપરછ કરેલી. ત્યારબાદ તપાસ કરતા હાલનો આ કામનો આરોપી કેતન નીતીનભાઈ સાગઠીયા પણ તેઓની બાજુમાં જ રહેતો હોય અને તે પણ જોવા મળેલ નહી જેથી રાજકોટ તાલુકા પો.સ્ટે.માં જાણકરેલી અને તેની ફરીયાદ કરેલી અને ત્યારબાદ પોલીસે અને તેઓએ આ બાબતે જુદા જુદા વિસ્તારમાં તે અંગેની તપાસ કરેલી. વધુમાં તેઓ

જણાવે છે કે, ત્યારબાદ હાલના કામના આરોપી કેતન તેઓની દીકરી કે જે આ કામની ભોગબનનાર છે તેને લઈને પો.સ્ટે.માં આવેલ અને તેઓની દીકરીને પુછપરછ કરેલી જેમાં તેઓની દીકરીને આરોપીએ કહયા મુજબ લખાણ લખાવેલ કે તેઓને સોનલબેન લઈ ગયેલ છે એવું કહેલું પરંતુ હકીકતમાં આ તેઓની દીકરીને કેતન લઈ ગયેલ હતો. ત્યારબાદ પોલીસે તેઓની દીકરીને પુછતા તેણે કહેલું કે, મારે મારા મમ્મી સાથે જવું નથી મારા પપ્પા સાથે જુનાગઢ જવું છે. ત્યારબાદ તેઓએ પોલીસ સ્ટેશનમાંથી તેઓના પતિ(ભોગબનનારના પિતાનું નામ જણાવેલ) ને ફોન કરેલો અને તેણે તેઓને બધી વિગત પુછેલી અને તેઓએ આપી દીકરી તમારી સાથે આવવા માંગે છે જેથી તેણે હા પાડેલી અને બીજા દિવસે તેઓના પતિ રાજકોટ પોલીસ ચોકીમાં આવેલ અને તેઓની દીકરી તેની સાથે જુનાગઢ જવા માટે નીકળેલા અને તેઓની દીકરી તથા તેઓના પતિ જુનાગઢ આવવા માટે પ્રાઈવેટ બસમાં બેસેલા અને તેઓની દીકરી તથા તેઓનો પતિ રાજકોટ પો.સ્ટે.માંથી નીકળેલા તે બાદ તેઓને હાલના કામનો આરોપી તથા તેની પત્ની હેમાબેન તેઓને ધમકી આપેલ અત્યારે તો તું તેને લઈ જા પરંતુ હું સાંજ થવા નહી દઉં. ત્યારબાદ તેઓના પતિ તથા તેઓની દીકરી બસમાં બેસી જુનાગઢ આવવા માટે નીકળેલા અને જુનાગઢ ગાંધીચોક ખાતે પહોંચેલા અને ત્યાં બસમાંથી ઉતરી ગયેલા ત્યારબાદ તેઓના પતિએ તેઓની દીકરીને કહેલ કે તેં અહીંયા થોડીવાર ઉભી રહે હું વોશરૂમ જઈ આવુ અને તેઓના પતિ વોશરૂમ જઈ પાછા આવેલા તે પહેલા તેઓની દીકરીને લઈ ગયેલા અને તેઓના પતિએ આજુબાજુમાં તપાસ કરેલી પરંતુ તેઓની દીકરી કયાંય જોવા મળેલી નહી. જેથી તેઓના પતિએ તેઓને ફોન કરેલો અને જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.માં તે અંગેની ફરીયાદ કરેલી અને તેઓની દીકરીને ગાંધીચોકમાંથી લઈ ગયેલા તે બાદ તેણી આરોપીની સાથે જ હતી. તેઓની દીકરીની તપાસ કરવા માટે પોલીસ જતી હતી ત્યારે તેણીને આરોપી સંતાડી રાખતો હતો અને તેઓની દીકરીને વાવડી ગામ મુકામે ભરતભાઈ વાજસુરના ઘરે રાખેલી અને ત્યાં જ રહેતા ભારતીબેન કે જે કેતનની બીજી પત્ની હતી તેના ઘરે રાખેલી

હતી તથા રાજકોટ હતી તથા રાજકોટ આંબેડકરવાસમાં આરોપીના ફઈના દીકરાની ઘરે રાખેલ હતી. ત્યારબાદ ત્રણેક મહિના બાદ તેઓને રાજકોટ મહીલા પો.સ્ટે.માંથી ફોન આવેલો કે, તમારી દીકરી અહીં મહીલા પો.સ્ટે.માં છે. જેથી તેઓ સાંજના સમયે ત્યાં મહીલા પો.સ્ટે.માં ગયેલી એ વખતે તેઓની દીકરી 'ખ' તથા આરોપી કેતનની પત્ની હેમા પણ ત્યાં હાજર હતી. જેથી તેઓએ પુછપરછ કરેલી અને તેઓની દીકરીએ તેઓને કહેલ કે, હવે મારે તેની સાથે રહેવું નથી. મારે તમારી સાથે આવવું છે. તે વખતે હેમા પણ ત્યાં હાજર હતી અને હેમા કહેતી કે અમને બંનેને મારકુટ કરેલ છે અને સ્મશાનમાં લઈ જઈને મેલીવિધાનું કામ કરે છે. જેથી તેઓની દીકરી તેઓને કહે છે કે તું અહીથી લઈ જા. ત્યારબાદ તેઓ તેઓની દીકરીને ઘરે જુનાગઢ લઈ આવેલી અને ત્યારબાદ જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.માં લઈ ગયેલી અને તેઓની તથા તેઓની દીકરીની પોલીસે પુછપરછ કરેલી. ત્યારબાદ તેઓની દીકરીને શિશુમંગલમાં રાખેલી અને શીશુમંગલમાંથી ફરીથી તેઓના ઘરે તેઓની દીકરીને લઈ આવેલ. ત્યારબાદ આ તેઓની દીકરીના લગ્ન તેઓની નણંદના દીકરા સાથે કરેલા અને ત્યાં પણ હાલનો આરોપી તેઓના જમાઈને ધમકી આપતો હોવાથી તેઓની દીકરીના છુટાછેડા કરી દીધેલા અને ત્યારબાદ આરોપી ફરીથી તેઓની દીકરીને લઈ ગયેલો. આરોપી તેઓની દીકરીને કયાં રાખતો હતો તે તેઓને છેલ્લા ચારેક વર્ષથી ખબર ન હતી. વધુમાં તેઓ જણાવે છે કે, આ સમય દરમ્યાન કોર્ટમાં કેસ ચાલુ હતો અને તેઓની દીકરી તથા તેઓના પતિની જુબાનીઓ પણ થયેલી. હાલ તેઓની દીકરી તેઓની સાથે છેલ્લા છ એક મહિનાથી રહે છે અને તે અગાઉ તેઓની દીકરીએ તેઓને ફોન કરીને કહેલ કે, મને અહીંથી લઈ જા કારણ કે, તેઓને અતિશય માર મારેલ છે અને તેઓને ધમકી આપે છે કે જુનાગઢનો કેસ પુરો થઈ જાય પછી હું તને ઘરે જ ફાંસી આપીને મારી નાખીશ ત્યારબાદ તેઓની દીકરીને તેઓના ઘરે લઈ આવી તે અંગેની તપાસ માર માર્યા અંગેની સારવાર હોસ્પિટલમાં અપાવેલી અને તે અંગેની જુદી ફરીયાદ તેઓની દીકરીએ તાલુકા પો.સ્ટે.રાજકોટમાં કરેલી. હાલની ફરીયાદ અંગે પોલીસે તેઓની ચારેક વખત પુછપરછ કરેલી અને તેઓના નિવેદનો લીધેલા. હાલના

આરોપીઓને તેઓ ઓળખે છે. હાજર હોય તો ઓળખી શકે. બનાવ સમયે તેઓની ભોગબનનાર દીકીરીની ઉંમર ૧૭ વર્ષની હતી.

આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની હકીકત સ્વીકારે છે કે, તેઓ બનાવ વખતે સીકયુરીટી ગાર્ડની નોકરી કરતી હતી. આ સમયે તેઓની દીકરી ઘરે એકલી રહેતી હતી. તેઓના પતિ ગાંધીચોક જુનાગઢ ખાતે બાથરૂમ જવા ગયેલા અને ત્યાંથી તેઓની દીકરી કયાં ગયેલ તેની જાણ તેઓને તે જ દિવસે રાત્રે થયેલી અને તે વાત તેઓના પતિએ તેઓને ફોનમાં કીધેલી જેથી તેઓને જાણ થઈ. તેઓ પોલીસ સ્ટેશનમાં આવેલી નહી તેઓના પતિએ પોલીસ સ્ટેશનમાં આ બધી જાણ કરેલી. તેઓની પાસે કોઈ વખત પોલીસ પુછપરછ કરવા તેઓની પાસે આવેલ જ નથી. રાજકોટ પોલીસે કહેલ કે તમારી દીકરી તમારી સાથે આવવા માંગતી નથી એટલે તમારા પતિને બોલાવો એટલે અમે તેને સોંપી દઈશું. તેઓની દીકરી તેના પિતા સાથે રાજકોટ મુકામેથી પો.સ્ટે.માંથી આવી ગયા પછી આજદિન સુધી તેઓની પાસે કોઈ પોલીસ તેઓની પુછપરછ કરવા આવેલી હોય તેવો કોઈ બનાવ બનેલ નથી. તેઓની દીકરી તેઓની સાથે કોઈ અભ્યાસ કરતી હોય કે ઘરકામ કરતી હોય તેવું બનેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓની દીકરી જુનાગઢ જ અભ્યાસ કરતી હતી. દીકરી પો.સ્ટે.માં હાજર થઈ પછી તેને તેઓ મળેલ હોય તેવું બનેલ નથી.

(૨૦) આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પોકસો એકટ હેઠળનો રહેલ છે. તે સંજોગોમાં જો ભોગ બનનાર બનાવ સમયે બાળક પુરવાર થાય તો જ આરોપી સામેનો પોકસો એકટ હેઠળની કાર્યવાહી ચાલવા પાત્ર રહે છે. જેથી બનાવ સમયે ભોગ બનનાર પોકસો એકટની કલમ–૨(ડી) મુજબ બાળક રહેલ છે કે કેમ? તે નકકી કરવાનુ રહે છે.

(૨૦.૧) આ તબકકે સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરૂધ્ધ અનુપસિંધ રીર્પોટેડ ઈન (૨૦૧૫) ૭ સુ.કો.કેસીસ પેજ નં.૭૭૩ નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવું તારવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઈન ૨૦૧૩ (૧૪) એસ.સી.સી. પેજ નં. ૬૩૭ ના કેસમા આપેલ ચુકાદામાં તેમજ જર્નેલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૭) એસ.સી.સી. પેજ નં.૨૬૩ ના કેસમાં આપેલ ચુકાદામાં પણ એવુ ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઈ ધયાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :

''12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a)(i)the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii)the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii)the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child.
In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

(૨૦.૨) આ તબકકે નવા સુધારેલા જુવ નાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) – એકટ ૨૦૧૫ ની કલમ ૯૪ રીફર કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

94. Presumption and determination of age.- (1) Where, it is obvious to the Committee or Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as

may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examining Board, if available, and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii)and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board; Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

(૨૦.૩) આમ, જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ ૨૦૧૫ ની કલમ ૯૪ ની જોગવાઈ મુજબ પ્રથમ સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન

કે તેની સમકક્ષ સર્ટીફીકેટ જો ઉપલબ્ધ હોય તો તે ઘ્યાને લેવાન રહે પરંતુ, સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસીપલ ઓથોરીટી કે પંચાયત ઘ્વારા જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તે ઘ્યાને લેવાનું રહે છે પરંતુ કલોઝ (iii) મુજબ કલોઝ (i) અને (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઉંમર ઓસીફીકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી નકકી કરવાની રહે છે.

(૨૧) આ મુદદા બાબતે ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ ૩ માસ અને જન્મ તા. ૦૧/૦૩/૨૦૦૩ રહેલ છે. જેથી આ બાબતે જોવામાં આવે તો, આંક-૮૧ થી ભોગબનનારની જુબાની જોવામાં આવે તો, તેણીએ તેની જન્મ તારીખ ૦૧/૦૩/૨૦૦૩ જણાવેલ છે. આ કામે ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર આંક: ૯૮ થી તથા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આંક-૯૯ થી રજુ રાખેલ છે. જેથી સૌપ્રથમ આંક-૯૮ થી જન્મનું પ્રમાણપત્ર જોવામાં આવે તો, તે બાબતે જન્મ મરણ અધિકારી જુનાગઢ ને તે દાખલાની હકકીત પુરવાર કરવા તપાસવામાં આવેલ નથી. વઘુમાં આંક-૯૭ થી જન્મ મરણ વિભાગ સબ રજીસ્ટ્રારએ પોલીસ ઈન્સ્પેટકર જુનાગઢનાઓને ઉદેશીને લખેલ પત્ર રજુ રાખેલ છે. જે ઘ્યાને લેતા સને-૨૦૦૩ ના ટીંબાવાડી ગ્રામ પંચાયત જુનાગઢના રજીસ્ટરની તપાસ કરતા અનુક્રમ નં.૧૯ નોંઘણી તા.૦૪/૦૩/૨૦૦૩ જન્મ તા.૦૧/૦૩/૨૦૦૩ ભોગબનનારની જન્મ તારીખ દર્શાવેલ છે અને તે રીતે જન્મ પ્રમાણપત્ર રજુ રાખેલ તેવી હકીકત જણાવેલ છે. જો કે, સદરહુ જન્મ રજીસ્ટરમાં ભોગબનનારની જે જન્મ તારીખ છે એ કયા આઘારે લખવામાં આવેલ છે તેવી કોઈ નોંઘ તેમાં કરવામાં આવેલ નથી. તેમજ જન્મ મરણ રજીસ્ટર પણ આ કામે રજુ કરેલ નથી. આમ, આંક-૯૮ ના જન્મના દાખલામાં

ભોગબનનારની જન્મ તા.૦૧/૦૩/૨૦૦૩ કયા સંજોગોમાં અને કયા આધાર અન્વયે લખવામાં આવેલ છે તેવી હકીકત ફલીત થતી નથી તેમજ આ કામે ફરીયાદપક્ષે જન્મ મરણ અધિકારીનાઓને પણ તે બાબતે તપાસવામાં આવેલ નથી. વધુમાં આંક-૯૯ થી ભોગબનનારનું લીવીંગ સર્ટીફીકેટ ધ્યાને લેતા ભોગબનનારે આ શાળામાં તા.૨૧/૧૧ /૨૦૧૯ ના રોજ ધોરણ ૧૧ માં પ્રવેશ મેળવેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં ભોગબનનાર છેલ્લા ધોરણમાં હોય તે શાળાની વિગત ધ્યાને લેતા શ્રીમતી એન.બી. કાંબલીયા કન્યા વિદ્યાલય જુનાગઢ એ રીતે દર્શાવેલ છે. આમ, સદરહુ શાળા છોડયાના પ્રમાણપત્રમાં ભોગબનનારની જન્મ તારીખ તેણીના અગાઉ શાળા છોડયાના પ્રમાણપત્ર અન્વયે નોંધવામાં આવેલ છે. જો કે, આ કામે સદરહુ શ્રીમતી એન.બી.કાંબલીયા કન્યા વિદ્યાલય જુનાગઢનાઓએ ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે નોંધવામાં આવેલ છે તે બાબતે કોઈ હકીકત રેકર્ડ ઉપર ફલીત થતી નથી. તેમજ ફરીયાદપક્ષે આંક-૯૯ નું ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે સ્વ.કે.જી.ચૌહાણ કુમાર કન્યા વિદ્યાલય ટીંમાવાડીના કોઈપણ કર્મચારીને આ આંક-૯૯ ના શાળા છોડયાના પ્રમાણપત્રને પુરવાર કરવા તપાસવામાં આવેલ નથી. વધુમાં આંક-૯૮ નું જન્મ પ્રમાણપત્ર તથા આંક-૯૯ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર યોગ્ય રીતે પુરવાર થતું નથી. તે સંજોગોમાં ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત શંકા ઉપજાવે છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ બનાવ સમયે ભોગબનનાર સગીર વયની હોવાનું પોકસો એકટ અન્વયેની મુખ્ય જરૂરીયાત શંકા રહીત પુરવાર થતી નથી.

(૨૨) આ કામે ઉપરોકત વિગતવારની ચર્ચા ધ્યાને લેતા ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ભોગબનનારની આંક-૪૧ ની જુબાની જોવામાં આવે તો, તેણીએ તેની સરતપાસની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી કેતન સાથે તેણીએ એકાદ વર્ષ પહેલા લગ્ન કરી લીધેલ છે અને લગ્નથી સંતાનમાં એક દીકરી છે. જેનું નામ 'ડી' બેન છે અને તેની જન્મ તા. ૦૯/૦૮/૨૦૨૨ છે. તેમજ તેણી તેના પતિ સાથે રાજકોટ મુકામે રહે છે. વધુમાં

તેણીએ સરતપાસમાં આરોપી સાથે તેણીને પ્રેમસંબંધ બંધાયેલ તેવી હકીકત ફલીત થાય છે. વધુમાં આ ભોગબનનારની જુબાની જોવામાં આવે તો, તા.૨૯/૦૬/૨૦૧૯ ના રોજ તેણી તથા તેણીના પિતાશ્રી રાજકોટથી ટ્રાવેલ્સમાં બેસીને જુનાગઢ આવેલ અને તે વખતે ૧૧ વાગ્યે જુનાગઢ પહોંચતા તેણીના બાપુજી મજેવડી ગેઈટ પાસે ઉતરી ગયેલ અને તેણી ગાંધીચોકમાં ઉતરેલ ત્યારે કેતન તેમની ફોર વ્હીલ લઈને આવેલો અને તેની સાથે તેની પત્ની હેમા પણ હતી અને તે વખતે કેતને ફોર વ્હીલમાં બેસી જવાનું કહેતા તે વખતે મરજીથી કેતનની ફોર વ્હીલમાં બેસી ગયેલ. વધુમાં જણાવેલ છે કે, કેતન તેણીને જુનાગઢ ગાંધીચોકથી રાજકોટ મવડી તેના ઘરે લઈ ગયેલ ત્યાં તેણી, કેતન તથા તેણીની પત્ની એમ ત્રણેય સાથે રહેલા લાગેલ અને હેમા ઘરેથી નોકરી પર જાય ત્યારે તેણી અને કેતન અવારનવાર શરીર સંબંધ બાંધતા. તેણીનું કોઈ અપહરણ કરેલ ન હતું છતા તેણીના પિતાએ જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ હતી. તેણીએ વધુમાં જણાવેલ છે કે, તેણી તેણીની મરજીથી કેત સાથે રહેતી હતી. એની જાણ કેતનની પત્ની હેમાને પણ હતી અને તેમના સંબંધથી હેમા પણ ખુશ હતી. જયારે તેણીએ બચાવપક્ષે આરોપી નં.૧ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેણી તેની મરજીથી ઘરેથી એકલી નીકળી ગયેલ તેમજ તેણીને આરોપી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેવો કોઈ બનાવ બનેલ નથી. વધુમાં તેણીએ એવી પણ હકીકત સ્વીકારેલ છે કે, તેણીની ઉંમર પુરી થઈ ત્યાં સુધી તેણી સાથે કોઈ જાતની ગેરવ્યાજબી માંગણી કરેલ હોય તેવું બનેલ નથી. તેમજ તેણીની ઉંમર પુરી થતા તેઓએ ગેરકાયદેસર લગ્ન કરી ત્યારબાદ લગ્ન સંચાર ચાલુ કરેલ છે. તેણીએ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે તેનું ફકત નામઠામ સરનામું પુછેલું તેમજ દવાખાને પણ ડોકટરે તેનું નામઠામ સરનામું પુછેલું તે સિવાય બીજુ કાંઈ પુછેલું નહી કે તેણીએ કાંઈ લખાવેલ નહી. જયારે તેણીએ બચાવપક્ષની આરોપી નં.૨ તરફેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, આરોપીએ તેણીને કહેલ નહી કે તેને તેની પત્ની સાથે છુટાછેડા થઈ ગયેલ છે. જો કે, તેણીએ ઉલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, ૧૬૪ ના નિવેદનમાં

કેતનને છેલ્લા છ માસથી ઓળખું છું અને કેતને તેની પત્નીને છુટાછેડા આપી દીધેલ હતા તેવું જણાવેલું. વધુમાં તેણીએ સ્વીકારેલ છે કે, આંક–૪૨ માં તેણીએ એવું લખાવેલ છે કે કેતન અને તેના બે મિત્રો ફોર વ્હીલ લઈને આવેલા અને જેથી તેણી તેઓ સાથે જતી રહેલ. તેણીએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેણી જુનાગઢથી રાજકોટ મુકામે ગયેલ તેમાં તેની મરજી હતી અને તેની સાથે કોઈ જબરદસ્તી થયેલ ન હતી. તેણીએ ઉલટતપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેણી આજે પણ આરોપી સાથે રહે છે અને હેમાબેનના આરોપી સાથે છુટાછેડા થઈ ગયેલ છે. આમ, ભોગબનનારની સમગ્ર જુબાની ધ્યાને લેતા ભોગબનનારના આરોપી સાથે લગ્ન થઈ ગયેલ છે અને લગ્ન જીવનથી એક પુત્રીનો તા.૧૯/૦૮/૨૦૨૨ ના રોજ જન્મ થયેલ છે. વધુમાં આ કામે ભોગબનનારે બચાવપક્ષની ઉલટતપાસમાં આરોપીએ તેણીને લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકત જણાવેલ છે. તે જ રીતે તેણી પુખ્ત ઉંમરની થઈ ગયેલ ત્યાં સુધી કોઈપણ જાતની ગેરવ્યાજબી માંગણી કરેલ હોય તેવું બનેલ નથી અને તેઓના કાયદેસરના લગ્ન થયા બાદ ઘર સંચાર ચાલુ કરેલ છે. જે હકીકત ધ્યાને લેતા હાલના કામના આરોપીએ ભોગબનનારનું તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરેલ હોય કે તેની સાથે તેણી સગીર વયની હોય ત્યારે શારીરીક સંબંધ બાંધવામાં આવેલ હોય તેવું ફલીત થતું નથી. વધુમાં આરોપી નં.૨ નાઓએ આ કામે બનાવમાં કોઈ મદદગારી કરેલ હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. બલકે ભોગબનનારે તેણીની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૨૩) વધુમાં આ કામે ભોગબનનાર ધ્વારા તેણીની જુબાની પુર્ણ થઈ ગયા બાદ ફરી વખત તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ આંક–૧૪૨ ની અરજી લગત થયેલ હુકમ અન્વયે ભોગબનનારની વધુ સરતપાસની જુબાની તથા ઉલટતપાસ નોંધવામાં આવેલ છે. જો કે, સદરહુ હકીકત ધ્યાને લેતા તે હકીકત આરોપીએ ભોગબનનાર સાથે લગ્ન બાદ

આરોપી ધ્વારા જે અત્યાચાર કરવામાં આવેલ તેનો ફોટો રજુ રાખેલ છે. તેમજ તેણીએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી કેતન તથા તેણીના બધે ભાણેજ વિરૂધ્ધ તાલુકા પોલીસ સ્ટેશન રાજકોટ ગુના રજી.નં.ર૪૦૪૪પ, તા.૦૯/૦૫/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમ ૩૭૬(ડી), ૧૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબની એફ.આઈ.આર.રજુ રાખેલ છે. જે આંક-૧૫૩ થી રજુ કરવામાં આવેલ છે. જો કે, સદરહુ ભોગબનનારની વધારાની જુબાનીની હકીકત ધ્યાને લેતા તે હાલના કામના ભોગબનનારને આરોપી સાથેના લગ્ન થઈ ગયા બાદની હકીકત બાબતની રહેલ છે. જુનાગઢ માં ભોગબનનારે આરોપી સાથેના લગ્ન થયા બાદ તેણીના લગ્ન જીવન દરમ્યાન આરોપી ધ્વારા અત્યાચાર આચરવામાં આવેલ તે અંગેની હકીકત જણાવતા વધારાની હકીકત વાળી જુબાની આપવામાં આવેલ છે. જો કે, સદરહુ હકીકત ધ્યાને લેતા ભોગબનનાર સગીર વયના હોય તે વખતનો કોઈ બનાવ બનેલ હોય તેવી બાબતની કોઈ હકીકત જણાવેલ નથી. પરંતુ આ વધારાની જુબાનીમાં તેણીને આરોપી સાથે લગ્ન કરેલ અને લગ્ન જીવન દરમ્યાન વિવાદ બાબતેની હકીકત જણાવેલ છે. જેથી તે બાબતેની વધારાની જુબાની હાલના ફરીયાદપક્ષના કેસની હકીકતને સંલગ્ન નથી.

(૨૪) આ કામે ભોગબનનારનું આંક-૪૨ નું ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૪ નું નિવેદન રજુ રાખેલ છે. જો કે, નામદાર ઉચ્ચકોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૪ નું નિવેદન એ સમર્થનકારી પુરાવો રહેલ છે. એટલે કે, સદર એકમાત્ર નિવેદન પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આ કામે આંક-૪૨ થી ભોગબનનારનું નિવેદન ધ્યાને લેતા આરોપીએ તેની મરજીથી શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે. જો કે, ભોગબનનારે તેણીની જુબાનીમાં આરોપી નં.૧ તરફેની ઉલટતપાસમાં તેણીની ઉંમર પુરી થઈ ત્યાં સુધી આરોપીએ તેણીની સાથે કોઈ ગેરવ્યાજબી માંગણી કરેલ હોય તેવો કોઈ બનાવ બનેલ ન

હોવાની હકીકત સ્વીકારેલ છે. તે જ રીતે તેણીની ઉંમર પુરી થતા આરોપી સાથે લગ્ન કરેલ અને ત્યારબાદ ઘર સંચાર ચાલુ કરેલો તે હકીકત રેકર્ડ ઉપર ફલીત થાય છે. તે સંજોગોમાં ભોગબનનારને તેની જુબાનીમાં પોતાના સી.આર.પી.સી. કલમ– ૧૬૪ ના નિવેદનથી વિપરીત હકીકત જણાવેલ છે. જેથી આંક–૪૨ ના નિવેદનની હકીકતને ભોગબનનારની જુબાનીની હકીકતથી સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી ફરીયાદીએ તેમની જુબાનીમાં તથા તેણીના ભોગ બનનારના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબમાં જણાવેલ હકીકત માં વિરોધાભાષ જોવા મળે છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષેના આક્ષેપિત બનાવ બાબતે શંકા ઉપજાવે છે.

(૨૫) વધુમાં ભોગબનનારના પિતાની આંક–૨૪ ની જુબાની જોવામાં આવે તો, તેઓએ બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ પોલીસને તેમની દીકરીને કોઈ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય તેવું લખાવેલ નથી તેમજ આજદિન સુધી તેમને તેમની દીકરી કોની સાથે ગયેલ તેની કોઈ માહીતી પોલીસ કે અન્ય વ્યકિતએ આપેલ નથી. આમ, હાલના કામના ફરીયાદીએ આંક–૨૫ ની ફરીયાદ આપેલ છે. જો કે, તે ફરીયાદ હકીકતથી વિપરીત હકીકત ઉલટતપાસમાં જણાવેલ છે અને ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. તે જ રીતે ભોગબનનારના ભાઈ દિવ્યાંગભાઈ અરવિંદભાઈ વારસુરનાએ આંક–૨૭ ની તેઓની જુબાનીમાં બચાવપક્ષની ઉલટતપાસમાં પોલીસે તેમની નામઠામ અને સરનામું પુછેલ અને સહી કરાવેલ અને બીજી કોઈ પુછપરછ કરેલ નહી. તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, પોલીસને તેમની બહેનને કોઈ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય તેવું લખાવેલ નથી તેમજ આજદિન સુધી તેમની બહેન કોની સાથે ગયેલ તેની માહીતી પોલીસ કે અન્ય કોઈ વ્યકિતએ આપેલ નથી. આમ, ભોગબનનારના ભાઈની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું નથી.

(૨૬) ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટર મધુરીકા અનંતરાય ત્રિવેદીની આંક–૪૫ ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારે તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ તેણીના ઘરેથી ભાગીને પડોશમાં રહેતા કેતન નીતીન સાગઠીયાને ત્યાં રહેતી હતી. તા.૨૮/૦૬/૨૦૨૦ ના રોજ તેણી તેની માતાના હાથે પકડાઈ ગયેલ. ત્યારબાદ તેણી તા.૨૮/૦૬/૨૦૨૦ ના રોજ જુનાગઢ આવતી હતી ત્યારે ગાંધીચોક જુનાગઢમાંથી કેતન તેમની પત્નીએ તેણીનું અપહરણ કરેલ હતું. ત્યારે તેણીના પિતાએ જુનાગઢ પોલીસ સ્ટેશન બી.ડીવીઝનમાં ફરીયાદ કરી હતી. ત્યારપછી તેણી કેતન સાથે રહેતી હતી. ત્યારબાદ કેતનની પત્નીએ ૧૮૧ હેલ્પલાઈનમાં ફોન કરતા પોલીસે તેણીને કબજે કરી હતી અને તેણીને માતાને સોંપી આપેલ હતી. ત્યારપછી તેણીને શીશુમંગલ જુનાગઢમાં રાખેલ છે. તેણી કેતન સાથે રહેતી હતી ત્યારે તેણીએ તેની મરજીથી કેતન સાથે વારંવાર શરીર સંબંધ રાખેલ છે. કેતન ત્યારે તેણીને કયારેક ઘણી વખત મારતો પણ હતો, સાવરણીથી મારતો હતો. જયારે આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં ભોગબનનારને તપાસતા આંતરીક કે બાહય ઈજાના કોઈ નિશાન જોવામાં આવેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. આમ, મેડીકલ ઓફીસરનો પુરાવો ઘ્યાને લેતા આ કામેના આરોપીએ ભોગ બનનારને ઈજા પહોચાડેલ હોય તેવો કોઈ મેડીકલ પુરાવો નથી. વધુમાં ડોકટર શ્રી સમક્ષની હીસ્ટ્રએ સબસ્ટેન્ટીવ પુરાવો ગણી શકાય નહી અને તે સમર્થનકારી પુરાવો રહેલ છે. તે સંજોગોમાં ડોકરટ શ્રી સમક્ષની હીસ્ટ્રીનુ મહત્વ રહેતુ નથી. સામાન્ય રીતે જો કોઈ વ્યકિત ઘ્વારા જબરદસ્તીથી સંબંધ બાધવામાં આવે તો આરોપી કે ભોગ બનનારના શરીર ઉપર ઈજાના નિશાન હોય. જોકે આ કામે ભોગ બનનારના શરીર ઉપર ઈજાના કોઈ નિશાન જોવા મળી આવેલ નથી. તેવા સંજોગોમાં પણ મેડીકલ પુરાવા આધારે પણ ભોગ બનનાર સાથે બળાત્કાર થયેલાની હકીકતને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં ભોગ બનનારે હીસ્ટ્રીમાં શરીર સંબંધ બાધેલ હોવાનુ જણાવેલ છે. જો કે ભોગ

બનનારે બચાવ પક્ષેની ઉલટ તપાસમાં ડોટકરે તેણીનુ ફકત નામ–ઠામ પુછેલ હાવાનુ અને તે સિવાય કશુ પુછેલ નથી કે તેણીએ લખાવેલ નથી. તે સંજોગોમાં ડોકટર શ્રી સમક્ષની હીસ્ટ્રી ભોગ બનનારે જ લખાવેલ છે કે કેમ  તે બાબતે શંકા ઉદભવે છે.  વધુમાં ભોગબનનારને તપાસનાર ડોકટર મધુરીકાબેનની જુબાની ધ્યાને લેતા ભોગબનનાર ની તપાસણી દરમ્યાન તેણી સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ હોય અને તેનું હાઈમેન તુટેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં સદર ડોકરટ સાહેદે બચાવ પક્ષેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે ભોગ બનનારી હીસ્ટ્રી જોતા તેણીની સાથે  આરોપીએ કે કોઈપણ વ્યકિતઅ બળજબરીથી શરીર સંબધ બાંધેલ હોય કે કોઈ જાતીય સંતામણી કરેલ હોય તુ બનેલ ન હોવાનુ જણાવેલ છે. આમ, આ ડોકટર સાહેદે ભોગબનનારની મેડીકલ તપાસણી દરમ્યાન ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.  તે સંજોગોમાં હાલના કામના ભોગબનનાર સાથે તેણી સગીર હોય તે વખતે શરીર સંબંધ બાંધેલ હોવાનું શંકારહિત પુરવાર થતું નથી.

(૨૭) વધુમાં ભોગ બનનારની માતાની આંક: ૧૬૧ ની જુબાની જોવામાં આવે તો તેણીએ બનાવ નજરે જાચેલ નથી. તેમજ આ કામેના આરોપીઓ ભોગ બનનારને સફેદ કલરની કારમાં બેસાડીને લઈ ગયેલ તેવી હકીકત તેણીના પતિએ તેણીને ફોનથી જણાવેલ. જોકે આ કામે ફરીયાદીએ તેમની જુબાનીમાં તેમની ભોગ બનનાર દીકરીને કોઈ અપહરણ કરી ભગાડીને લઈ ગયેલ હોય તેવુ લખાવેલ ન હોવાનુ કે તેમની દીકરી કોની સાથે ગયેલ તે ખબર ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદી તથા  હાલના સાહેદની જુબાનીમાં વિરોધાભાષ જોવા મળે છે. વધુમાં ભોગ બનનારની માતાની વધુ જુબાની જોવામા આવે તો તે આરોપીના ભોગ બનનાર સાથેના લગ્ન બાદ થયેલ બનાવ બાબતેની હકકીત જણાવેલ છે. આમ, ભોગ બનનારની માતાની જુબાની ધ્યાને લેતા હાલના ફરીયાદ પક્ષના કેસ મુજબના  બનાવ બાબતેની કોઈ હકકતને સમર્થન આપે તેવી

કોઈ હકીકત હકીકત જણાવેલ નથી. તે સંજોગોમાં હાલના સાહેદની જુબાની મહત્વની બની રહેતી નથી. જેથી આ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં આ કામે ભોગ બનનારે તેઓની જુબાની નોંધાવ્યા બાદ તેમને આરોપી તર્ફે જુબાની આપવા માટે ધમકી આપવામાં આવેલ હોય તે બાબતેની કોઈ ફરીયાદ કરેલ હોય તેવુ પણ ફલિત થતુ નથી. બલ્કે આ કામે ભોગ બનનાર તેણીની જુબાની વખતે તેણી આરોપી નં.૧ સાથે પત્ની તરીકે રહેતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આંક: ૧૫૩ રજુ રાખેલ તા.૦૮/૦૫/૨૦૨૪ ના બનાવની ફરીયાદમાં પણ ભોગ બનનારના આરોપી નં.૧ પતિ થતા હોવાની હકીકત જણાવેલ છે તે સંજોગોમાં ભોગ બનનારનાઓને જુબાની માટે ધમકી આપેલ હોવાની વાત ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૨૮) ફરીયાદપક્ષ તરફે એક દલીલ એ પણ કરવામાં આવેલ છે કે પોકસો એકટમા કલમ – ૨૯ અન્વયે અનુમાન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે અને તેથી જયારે ભોગબનનાર સાથે આરોપીએ બળાત્કાર કરેલ છે જેથી પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ના અનમુમાનો અન્વયે આરોપીને દોષીત ઠરાવવા જોઈએ.

પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ નીચે મુજબ છે.

પોકસો એકટની કલમ–૨૯. અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત:

જયાં કોઈ વ્યકિતને આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને ૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનુ દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામા આવે ત્યારે, સ્પેશિયલ કોર્ટ દ્વારા જયાં સુધી તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ, યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

પોકસો એકટની કલમ−૩૦. ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત(અનુમાન)

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટે કોઈપણ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવું પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મૂકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સબંધ રહેતો નથી.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવુ થયા હોવા અં ગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જયારે તે બન્યા હોવાની સંભાવનાની પ્રબળતા ધ્વારા સ્થાપિત થયેલ હોય. સ્પષ્ટીકરણ: આ અધિનિયમમાં ''ગુનાહીત માનસિક સ્થિતિ'' માં ઈરાદો, પ્રેરક / પ્રવર્તક કોઈ હકીકતનું જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈપણ કારણનો સમાવેશ થાય છે.

**(૨૯)** પોકસો એકટના પ્રબંધો ધ્યાનમાં લેતાં અને મુખ્યત્વે પોકસો એકટની કલમ ૨૯ વંચાણે લેતાં આ ગુન્હાના આરોપી સામે કેસ થયેલ હોય તો પોકસો એકટની કલમ ૨૯ અન્વયે આરોપી સામે ગુન્હો કરેલ છે તે મતલબના અનુમાનનો પ્રબંધ કરવામા આવેલ છે. કાયદાનો અનુમાન સંદભ એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે કોઈપણ અનુમાન સંપૂર્ણ નથી અને દરેક અનુમાનને પુરાવાથી ખંડીત કરી શકાય છે. નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા બાબુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા ૨૦૧૦(૯) એસ સીસી ૧૮૯ મા નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે દરેક આરોપી એ નિર્દોષ છે, જયાં સુધી તેને તકસીરવાન ઠરાવવામાં આવેલ ન હોય. નિર્દોષ હોવાનુ અનુમાન એ માનવ અધિકાર છે. કાયદાથી આરોપીએ ગુનો કરેલ છે તે મતલબના અનુમાનની જોગવાઈ કરવામાં આવેલ હોય તો પણ તેણે વ્યાજબીપણા

અને સ્વતંત્રતાના જે બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ અન્વયેના વ્યાજબીપણાની પરીક્ષામાંથી પસાર થવુ પડે છે. પોકસો એકટની કલમ ૨૯ ના પ્રબંધો ધ્યાનમાં લેતાં અનુમાન ખંડીત થઈ શકે જ નહીં તેવી કોઈ જોવગવાઈ કરવામાં આવેલ નથી અને તેથી એવુ માની શકાય કે અનુમાનનુ ખડન થઈ શકે છે એટલે કે રીવર્સ બર્ડન આરોપી ઉપર છે અને જો આરોપી તે રીવર્સ બર્ડન પુરવાર કરી શકે તો તેની સામે ઉપસ્થિત થયેલ પોકસો એકટની કલમ ૨૯ ના અનુમાનને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં જે નુર આગા વિરૂઘ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૨૦૦૮(૧૬) એસ સીસી ૪૧૭, કાલીરામ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ૧૯૭૩(૨) એસ સીસી ૮૦૮ માં ઠરાવેલ છે.

(૩૦) પોકસો એકટની કલમ ૩૦ માં ગુનાહીત માનસ ન હતું તે હકીકત આરોપી ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત કરી શકે છે અને બીજું સાક્ષીની ઉલટ તપાસમાંથી પણ તેઓનો કોઈ ગુનાહીત ઈરાદો કૃત્ય કરવામાં હતો નહી તે અનુમાનનું ખંડન કરી શકે છે. આરોપીનુ સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયેનું નિવેદન વંચાણે લેતા અને તેની સાથોસાથ ફરીયાદપક્ષના પુરાવાન મૂલ્યાંકન કરતા આરોપીએ તેની સામે ઉપસ્થિત થયેલ પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ના અનુમાનોને ખંડીત કરી શકેલ છે. તેમજ આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત શંકારહીત પુરવાર થતી નથી. તે સંજાગોમાં ગુનાહીત માનસ માટે ફાઉન્ડેશનલ ફેકટ ફરીયાદ પક્ષે પુરવાર થતી નથી. વધુંમાં આ બાબતે રાજ વિગેરે વિરૂઘ્ધ સ્ટેટ ઓફ મઘ્યપ્રદેશ ૨૦૦૮(૧૫) એસ સીસી ૧૩૩ નો ચુકાદો ઘ્યાનમાં લેવો યોગ્ય અને ન્યાયીક જણાય છે. સદર કેસમા નામ. સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે કોઈપણ ખોટી સંડોવણીની શકયતા સામે આરોપીને રક્ષણ આપવું જોઈએ અને જયારે રેપના આક્ષેપો કરવામાં આવેલ હોય તે કિસ્સામાં ભોગ બનનારનો પુરાવો ઈજા પામનાર સાક્ષીના પુરાવાની જેમ જ મુલ્યાંકન કરવો જોઈએ, પરંત એવુ સનાતન

રીત માનવુ જોઈએ નહીં કે તેણીનો પુરાવો સંપર્ણ છે. સદર કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે વધુમાં નોંધેલ છે કે દરેક શારીરીક હુમલાના કેસ જે કોર્ટ સમક્ષ આવે છે તેમા દરેક કીસ્સામાં ભોગ બનનારનો પુરાવો સંપૂણ છે તેવું માનીને આરોપીને દોષીત ઠરાવવો જોઈએ નહીં. અદાલતે એ હકીકત અવગણવી જોઈએ નહીં કે જેવી રીતે રેપનો કેસ ભોગ બનનારને ખુબજ અપમાનજનક અને માનસીક પીડા આપે છે તે જ રીતે ખોટા રેપના આક્ષેપોનો કેસ આરોપીને પણ એટલુ જ અપમાનજનક અને માનસીક પીડા અને નુકશાન આરોપીને થાય છે. તમીજુદ્દીન ઉર્ફે તમ્મુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એન સીટી ઓફસ્પે.કેસ(પોકસો) દિલ્હિ ૨૦૦૯(૧૫) એસ સીસી ૫૬૬ ના કેસમાં ઠરાવેલ છે કે ભોગ બનનારના પુરાવાને મહત્વ આપવું જોઈએ પરંતુ તેણીનો પુરાવો વિરોધાભાસી, વિસંગત અને અતાર્કીક હોવા છતાં ગ્રાહય રાખવો તે ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંતો સાથે હિંસા કરવા બરાબર ફોજદારી કેસમા ગણાય.

વધુમાં આ કામે ઉપરોકત સમગ્ર પુરાવાની ચર્ચા ધ્યાને લેતા ભોગ બનનારને વીકટીમ કોમ્પેશશેન સ્કીમ અન્વયે વળતર અપાવવુ યોગ્ય અને ન્યાયિક જણાતુ નથી. જેથી વળતર અંગે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

**(૩૧)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો સમગ્રરીતે વંચાણે લેતા ભોગબનનારને ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને તેણીંનો પુરાવો તટસ્થ, વિશ્વાસનીય, માનવાલાયક જણાતો નથી. તેમજ મેડીકલ પુરાવાથી પણ ભોગબનનાર ઉપર બળાત્કાર થયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષ ધ્વારા જે લેખિત તથા મૌખિક પુરાવા રજુ થયેલા છે તે ચોકકસ, માનવાલાયક, સચોટ હોવાનુ ફરીયાદપક્ષ પુરાવા કર શકતા ન હતો તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી

મુકવો ન્યાયોચીત જણાતુ હોય જેથી **મુદ્દા નં.–ર** નો જવાબ '' **નકારમાં**'' ઠરાવી મુદ્દા નં.–૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી (૧) કેતન નિતીનભાઈ સાગઠીયા, ઉ.વ.ર૬, ધંધો– ડ્રાઈવીંગ, રહે.મોવડીગામ, જુના વણકરવાસ, શેરી નં.૩, રાજકોટ. (ર) હેમાબેન દિનેશકુમાર અજાભાઈ ચૌહાણ, ઉ.વ.ર૪, ધંધો–નોકરી, રહે.વૈશાલીનગર, શેરી નં.૪, બેડેશ્વર, જામનગરવાળાને ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૬,૮,૧ર અને ૧૭ મુજબના ગુન્હાના તહોમતમાંથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–ર૩પ(૧)/ ભારતીય નાગરીક સુંરક્ષા સહિતા ની કલમ–રપ૮ (૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(ર) હાલના કિસ્સામાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩પ૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવાપાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭(એ)ની જોગવાઈ અનુસાર જો આ કામે અપીલ થાય તો દરેક આરોપીની હાજરી અપીલ કોર્ટ ખાતે સિકયોર થાય તે માટે આરોપીઓએ રૂા.૧પ,૦૦૦/–( અંકે રૂપિયા પંદર હજારાના સધ્ધર જામીન

૬(છ) માસ સુધીના સમયગાળા માટે આપવા તેવો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામેના જજમેન્ટની એક નકલ પોકસો કેસ નં.૧૧/૨૦૨૧ ના કામે સામેલ રાખવી

હુકમ આજ રોજ તા. ૧૮ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)